GJMR010013162020

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦–૧૧–૨૦૨૦ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૧૦–૧૧–૨૦૨૦ |
| નિકાલ તારીખ | : | ૩૦–૦૭–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | ૭૦ |

## ફોર્મ – '' એ ''

**મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, મોરબી.**

**સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૦**
**(મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯૦૦૫૨૦૧૧૮૮/૨૦૨૦)**

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | | **શ્રી સરકાર** |
| ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટર | | શ્રી એન.ડી.કારીયા. |
| **આરોપી** | | **સંજયભાઇ રાણાભાઇ સોલંકી,** ઉ.વ.:–૨૩, ધંધો:–મજુરી, રહે.હાલે કોટા સીરામીક સરતાનપર રોડ, કારખાનાની મજુર ઓરડીમાં તા.વાંકાનેર, જી.મોરબી. મુળ રહે. રવીનગર,પાણીની ટાંકી પાસે, શેરી નં.પ , થાનગઢ, જી.સુરેન્દ્રનગર. |
| આરોપી તરફે વિધ્વાન વકીલ | | ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. એડવોકેટ શ્રી કે.કે.ગોહીલ |

## ફોર્મ – '' બી ''

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | ૧૦–૧૦–૨૦૨૦ |
| એફ.આઇ.આર.ની તારીખ | :– | ૧૨–૧૦–૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | :– | ૧૦–૧૧–૨૦૨૦ |
| તહોમતનામું ઘડયાની તારીખ | :– | ૨૪–૦૨–૨૦૨૧ |
| પુરાવાની શરૂઆતની તારીખ | :– | ૦૯–૦૬–૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તે તારીખ | :– | ––––– |
| ચુકાદાની તારીખ | :– | ૩૦–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– | – |

## આરોપીની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનાનો આરોપ મુકયો છે. | નિર્દોષ છે કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ નો હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજયભાઇ રાણાભાઇ સોલંકી | ૧૨/ ૧૦/૨૦૨૦ | ૦૫/૧૧/ ૨૦૨૦ | તહોમતનામા | દોષીત | હા | આખરી હુકમ મુજબ. |

**ગુનો:– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) (એન), તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬, ૧૮ મુજબના ગુના સબબ**

## –:: ચુકાદો ::–

(આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨૩ ની જોગવાઈ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના નિપુણ સકશેના વિ. યુનીયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯ (૨) એસ.સી.સી. ૭૦૩ ચુકાદામાંના સિધ્ધાંત મુજબ ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેઓનો

' ભોગબનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.)

**(૧).** આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૫(એલ), ૬, ૧૮ મુજબ ના શિક્ષા પાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**(૧.૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ તા.૧૦/૧૦/૨૦૨૦ નારોજ કલાક:–૧૭–૦૦ દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવય ની દીકરી ભોગબનનાર ઉ.વ. ૧૭ ,૦૬ મહીના, ૧૧ દિવસ વાળીને લલચાવી ફોસલાવી બદકામ કરવા ના ઈરાદે, જાતીય સતામણી કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, વારં વાર શરીર સબંધ બાંધી, પ્રવેશ જાતીય હુમલો કરી, ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ આપતા આરોપી વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯૦૦૫૨૦૧૧૮૮/૨૦૨૦ થી ગુનો નોંધવામાં આવેલ છે.

**(૧.૩)** આરોપી વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ. ર. નં. ૧૧૧૮૯૦૦૫૨૦૧૧૮૮/૨૦૨૦, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૫(એલ), ૬, ૧૮ મુજબ ના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપી વિરૂધ્ધ સદર ગુના અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ જેને સ્પેશીયલ કેસ (પોકસો) નં. ૪૦/૨૦૨૦ થી નોંધવામાં આવેલ. આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષ ના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામુલ્યે પૂરી પાડેલ.

**(૨).** આ કામના આરોપી જામીન મુકત થયેલ હોય નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ રજુ થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી,

આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૫(એલ), ૬, ૧૮ મુજબ ના આક્ષેપિત ગુનાઓ અંગે આંક–૦૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપી નું નિવેદન આંક–૦૮ થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમના વિરુધ્ધના ગુનાઓનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

## ફોર્મ – '' સી ''

(૩). આરોપી વિરૂધ્ધ આંક–૦૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાં ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે:–

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવાઓ :–**

| અનુક્રમ નંબર | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| | | | **મુખ્ય સાહેદો** | |
| ૦૧ | ૦૧ | ૧૩ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| ૦૨ | ૦૨ | ૨૬ | ભોગબનનારના માતા | સાહેદ |
| ૦૩ | ૦૩ | ૨૭ | ભોગબનનાર | સાહેદ |
| ૦૪ | ૦૪ | ૨૯ | મહેશભાઇ કરમશીભાઇ કંઝારીયા | પંચ સાહેદ (ભોગબનનારના કપડા કબ્જે કર્યાના પંચનામું) |
| ૦૫ | ૦૫ | ૩૨ | નારણભાઇ ભીમાભાઇ મારૂ | પંચ સાહેદ/વિમુખ (અટક પંચનામું) |
| ૦૬ | ૦૬ | ૩૬ | ડો.કાજલબેન ભીખાભાઇ ડાકા | ડોકટર |
| | | | **પોલીસ સાહેદો** | |
| ૦૭ | ૦૭ | ૫૧ | હિતેશભાઇ મુળજીભાઇ મકવાણા | પી.એસ.ઓ. |
| ૦૮ | ૦૭ | ૫૬ | ધનલક્ષ્મીબેન વીરાભાઇ ડાંગર | ફરીયાદ નોંધનાર અમલદાર |
| ૦૯ | ૦૯ | ૫૮ | ઇમ્તીયાઝભાઇ મહેબુબભાઇ કોંઢીયા | તપાસ કરનાર અમલદાર |

## (બી) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :-

| ક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૨૫ | અસલ ફરીયાદ |
| ૦૨ | ૨૮ | ભોગબનનારનું સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબનું નીવેદન |
| ૦૩ | ૩૦, ૩૧ | ભોગબનનારના બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે કર્યાનુ પંચનામુ તથા પંચ સ્લીપ |
| ૦૪ | ૩૩, ૩૪ | આરોપીનું અટક પંચનામું તથા પંચ સ્લીપ |
| ૦૫ | ૩૭ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા બાબતે સરકારી હોસ્પીટલ,મોરબીને કરેલ રીપોર્ટ |
| ૦૬ | ૩૮ | ભોગબનનારનું સરકારી હોસ્પીટલ મોરબીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૭ | ૩૯ | ભોગબનનારના રાસાયણી પૃથ્થકારને અંદરના અવયવો સ્વિાયના બીજા પદાર્થો મોકલવામાં આવે ત્યારે અહેવાલ માટે વાપરવાનું પત્રક (નં-૨ (બી) |
| ૦૮ | ૪૦ | ભોગબનનારના અસલ મેડીકલ કેસ પેપર્સ |
| ૦૯ | ૪૧ | આરોપીની મેડીકલ તપાસણી કરી જરૂરી સેમ્પલ એફ.એસ.એલ.તપાસણી અર્થે લેવા સરકારી હોસ્પીટલ મોરબીને કરેલ રીપોર્ટ |
| ૧૦ | ૪૨ | આરોપીનું સરકારી હોસ્પીટલ મોરબીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧ | ૪૩ | આરોપીના રાસાયણી પૃથ્થકારને અંદરના અવયવો સ્વિાયના બીજા પદાર્થો મોકલવામાં આવે ત્યારે અહેવાલ માટે વાપરવાનું પત્રક (નં-૨ (બી) |
| ૧૨ | ૪૪ | આરોપીના અસલ મેડીકલ કેસ પેપર્સ |
| ૧૩ | ૫૨ | તપાસ ડેપ્યુટ હુકમ |

| | | |
|---|---|---|
| | | |
| ૧૪ | ૫૯ | ગુનો રજીસ્ટર કરવાની યાદી |
| ૧૫ | ૬૦ | મુદામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.ના અભીપ્રાય અંગેની રવાનગી નોંધ અને સતા અંગેનું પ્રમાણપત્ર |
| ૧૬ | ૬૧ | એફ.એસ.એલ.રાજકોટની મુદામાલ મળ્યાની પહોંચ |
| ૧૭ | ૬૨ | એફ.એસ.એલ.રાજકોટનો મુદામાલ પરીક્ષણ અહેવાલ મોકલ્યાનો ફોરવર્ડીંગ લેટર |
| ૧૮ | ૬૩ | બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| ૧૯ | ૬૪ | શીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |

**(સી) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૨૫ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર |

(૪) ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષના કેસનો સંદતર ઈન્કાર કરેલ છે, તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, તેમજ બચાવમાં દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા નહિ હોવાનું તેમજ બચાવ ના સાહેદ તપાસવા માંગતા નહિ હોવાનું જણાવેલ છે અને આરોપી એ વધુમાં જણાવેલ છે કે, " અમો નિર્દોષ છીએ. અમોએ કોઇ ગુનો કરેલ નથી અમોને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ છે. "

(૫) ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના આરોપી વિરુધ્ધ ભારતીય

દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૫(એલ), ૬, ૧૮ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે આક્ષેપ છે. ગુનાની હકીકત એવી છે કે,આ કામના આરોપી એ તા.૧૦/૧૦/૨૦૨૦ નારોજ કલાક:–૧૭–૦૦ દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવય ની દીકરી ભોગબનનાર જેની ઉ.વ. ૧૭ ,૦૬ મહીના, ૧૧ દિવસ વાળીને લલચાવી,ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે, જાતીય સતામણી કરવાઅના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, વારં વાર શરીર સબંધ બાંધી, પ્રવેશ જાતીય હુમલો કરી, ઉપરોકત  મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલાનું ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૫.૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદી/ભોગબનનારના પિતા, ભોગબનનારની માતા તથા ભોગબનનારે ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે તેમજ આ કામે અંકે પડેલ દસ્તાવેજી પુરાવા જોતા ગુનો બન્યાની બાબતમાં સંપૂર્ણ સમર્થન મળે છે. તે જ રીતે પંચ સાહેદ, ડોકટર સાહેદ, પી.એસ.ઓ. તેમજ તપાસ કરનાર અમલદારનો પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓ તમામે પોતાના પુરાવામાં તપાસ કાર્યવાહીને સમર્થન કરતી વિગતો જણાવેલ છે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓની વિગતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. સદરહુ સાહેદોએ તેઓના નિવેદનોમાં જણાવેલ વિગતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે જેને નહિં માનવાને કોઈ કારણ નથી. આમ, તમામ બાબતો લક્ષમાં લેતા આરોપીને ભારતીય દંડ સહીંતાની કલમ:–૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ના અધિનિયમ–૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬, ૧૮ મુજબના ગુનાના કામે મહમતમાં મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૬) આરોપીના વિ.વકીલ શ્રી કે.કે.ગોહીલનાઓની દલીલ છે કે, આ કામના

આરોપીને સદર ગુનાના કામે ખોટી રીતે અટક કરી તપાસ કરનાર અમલદાર દ્વારા ખોટી રીતે ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે તપાસવા માં આવેલ ફરીયાદી તથા પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. બનાવને સાંકળતો કોઇ પુરાવો આપેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના ફરીયાદીની જુબાનીમાં જન્મતારીખનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી જેથી તેને માની શકાય નહી તેવું જણાવે છે. પરંતુ, રેકર્ડ જોતાં આ જન્મનું પ્રમાણપત્ર સરતપાસમાં નહી પરંતુ આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન અંકે પાડી દાખલ કરવામાં આવેલ છે અને તેને આંક-૨૫ આપવામાં આવેલ છે જે નોંધનીય છે. વધુમાં જણાવે છે કે, કપડાની ઓળખ બાબતની હકીકત ફરીયાદમાંની હકીકત તથા પંચનામાની વિગતો અલગ અલગ છે. પરંતુ, જે કોર્ટ રૂબરૂ કપડા બતાવેલ છે તે યોગ્ય હોય તે જ હકીકત ધ્યાને લઇ શકાય તથા ફરીયાદ બે દિવસ મોડી આપેલ છે તેવું જણાવી જાય છે અને વધુમાં ભોગ બનનારના નિવેદનમાં પુરતુ સમર્થન મળતું ન હોય જેથી આરોપી ને તકસીરવાન ઠરાવવા જરૂરી નથી. આમ આ કામે ભોગબનનાર તથા ભોગ બનનારના પિતા એટલે કે આ કામના ફરીયાદી, ભોગ બનનારના માતાનો પુરાવો વિશ્વાસજન્ય, આધારભૂત કે માનવા લાયક જણાતો ન હોય સદર ફરીયાદીના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૬.૨) વધુમાં બચાવપક્ષ તરફે એવી દલીલ કરેલ છે કે, ક્રિમીનલ જયુરીશ પ્રુડન્ટસના સિંધ્ધાતો મુજબ આરોપી સામે ફરીયાદપક્ષે તેમનો કેસ શંકા રહીત પુરવાર કરવાનો હોય છે અને જયારે ફરીયાદપક્ષના કેસમાં શંકા જતી હોય તો તેનો લાભ આરોપીને આપવાનો હોય છે. આમ સદર કામમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ રેકર્ડ ઉપરનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપી સામે ફરીયાદપક્ષ તેમનો કેસ શંકાથી રહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬

(૨)(એન)તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૫(એલ), ૬, ૧૮ મુજબ ના ગુનાના કામેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૭)** આ પ્રકરણમાં ફરીયાદપક્ષે રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં લેતા, આ પ્રકારણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:-

**-:: મુદાઓ ::-**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ફરીયાદવાળા આક્ષેપિત બનાવ તારીખે અને સમયે ભોગબનનાર સગીરવયની બાળા હતા ?

**(૨)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપી એ તા.૧૦/૧૦/૨૦૨૦ નારોજ કલાક:-૧૭-૦૦ દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવય ની દીકરી ભોગબનનાર જેની ઉ.વ. ૧૭, ૦૬ મહીના, ૧૧ દિવસ વાળીને લલચાવી ફોસલાવી બદકામ કરવા ના ઈરાદે, જાતીય સતામણી કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, વારં વાર શરીર સબંધ બાંધી, પ્રવેશ જાતીય હુમલો કરી, ભારતીય દંડ સહીંતાની કલમ :-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ના અધિનિયમ-૨૦૧૨ ની કલમ- ૫ (એલ), ૬, ૧૮ મુજબ નો શીક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

**(૩)** શું હુકમ?

**(૮)** ઉપરોકત મુદાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧) હકારાત્મક**

**(૨) અંશત: હકારાત્મક.**

**(૩) આખરી હુકમ મુજબ.**

## -// નિર્ણયના કારણો //-

**મુદ્દા નંઃ ૧ તથા ૨**

(૯) સદરહું મુદ્દા નં.૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૯.૧) સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ-૧૧ સાહેદો તપાસેલા છે તથા કુલ્લ-૨૩ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે તમામ ઉપર આધાર રાખેલો છે. ફોજદારી કાર્ય પ્રણાલિકાના સિધ્ધાંત અનુસાર સામાન્ય રીતે ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર તહોમતદાર વિરુદ્ધનું તહોમત પુરવાર કરવું પડે. ફરિયાદ પક્ષ દ્વારા આ પ્રકારે ગુનાનું તહોમત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી તહોમતદાર નિર્દોષ હોવાનું અનુમાન કરવું પડે તથા ફોજદારી પ્રકારનો ગુનો પુરવાર કરવા માટે આરોપીનું ગુનો કરતા સમયે ગુનાહિત માનસ હતુ એ હકીકત ફરિયાદપક્ષે પ્રસ્થાપિત કરવી પડે. હાલના તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો ભારતીય દંડ સહીંનાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨)(એન), તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત ના અધિનિયમ-૨૦૧૨ ની કલમ- ૫ (એલ), ૬, ૧૮ મુજબના છે તેથી સદર ગુનો પુરવાર થવા માટે તેના આવશ્યક તત્ત્વો પ્રસ્થાપિત થવા જોઇએ. ઉપરોકત ગુનાની હકીકતો સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ તરફે હાલના કેસમાં નીચે મુજબનો મૌખીક પુરાવા ઓ રજુ થયેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવા ની ચર્ચા.</u>**

(૧૦) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌ-પ્રથમ તપાસવામાં આવેલ ફરીયાદી/ભોગ બનનારની પિતાએ સાહેદ નં.૧, આંક-૨૩ ની પોતાની સોંગદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને કુલ ૬ સંતાન છે. જેમાં પાંચ દિકરીઓ અને એક દિકરો છે. તેઓના

સંતાનોમા ભોગબનનાર તેઓની બીજા નંબરની દીકરી છે. જે આ કામના ભોગબનનાર દીકરી છે. તેણીની ઉંમર હાલમા આશરે ૧૭ થી ૧૮ વર્ષની છે. બનાવ સમયે તેણીની ઉંમર ૧૭ વર્ષની હતી. તેઓની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ ૨૨/૦૩/૨૦૦૩ છે. તેઓને બધાને ગામડે જવાનું હોય કારખાનામાં રજા લીધેલી. અમે સોનમ કારખાનામાં મજુરીકામ માટે જતા હતા. અમારી સાથે અમારા કુંટુંબી નિતાબેન અને સુરેશભાઈ કારખાનામાં કામ કરતા હતા.અમે અમારા ગામડે જવાના હોય આ નિતાબેન અને સુરેશભાઈએ બપોરના ચારેક વાગ્યે તેમના ઘરે અમને ચા-પાણી પીવા માટે બોલાવેલા. તેથી હું તથા મારા પત્ની તેઓની ઘેર ચા-પાણી પીવા માટે ગયેલા અને ભોગ બનનાર મારી દિકરી ઘેરે હતી. અમારે ગામડે જવા માટે યુટીલીટી ગાડી ભાડે કરેલ હતી. અમે ચા પાણી પીને પરત અમારે ઘરે આવેલા તે વખતે અમારી ભોગ બનનાર દિકરી ઘરે ન હતી જેથી અમોએ તેણીની આજુબાજુમાં તપાસ કરેલી. તે વખતે અમારી દિકરીએ ડ્રેસ પહેરેલ હતો જેનો કલર મને યાદ નથી. અમારી દિકરી મળી આવતી ન હોય અમે આજુબાજુમા તથા બાથરૂમ માં તપાસ કરેલી પરંતુ ત્યાં મળેલ ન હતી. તેથી મારા ભાઈ રૂપેશ ભાઈને ફોન કરેલ. અમારા કારખાનાનની સામેની ભાગેની ઓરડીમાં સંજયભાઈ રાણાભાઈ તેમના પરિવાર સાથે રહેતા હતા. મારા ભાઈ રૂપેશભાઈએ આવીને પછી ફોન જોઈ તપાસ કરતા મેસેજ મળતા મને આ આરોપી સંજયભાઈ ઉપર શક ગયેલ કે આ લોકો જ મારી દિકરીને લઈ ગયેલા છે.તે મારી દિકરીને લાલચ આપી અને ભગાડી ગયેલા.ત્યારબાદ અમે પોલીસ સ્ટેશને ગયેલા અને કેસ કરેલો.

અમે પોલીસને બનાવની વિગત જણાવેલી અને ત્યારબાદ પોલીસે ફરીયાદ લખી તે ફરીયાદમાં તેઓની સહી લીધેલ અસલ ફરીયાદ બતાવતાં તેમાં તેઓની સહી ઓળખી બતાવી સદર કામે આંક –૨૪ થી રજુ રાખેલ છે. વધુમાં તેઓ આ કામના આરોપીને ઓળખતા હોવાનું જણાવી ના.કોર્ટમાં ઓળખી બતાવે છે.

(૧૦.૧) સદર ફરીયાદીની આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓના લગ્ન પચ્ચીસેક વર્ષ પહેલા થયેલા. તેમના દિકરાની જન્મ તારીખ ૧૩/૧૦/૨૦૦૯ છે. તે તેઓનું પાંચમા નંબર નું સંતાન છે. તેઓના દિકરાથી મોટી દિકરી ચોથા નંબરનુ સંતાનની જન્મ તારીખ લગભગ ૨૪/૦૫/૨૦૦૭ છે. તેઓના પ્રથમ સંતાનની જન્મ તારીખ ૧૫/૦૮/૨૦૦૦ છે. તેઓના ત્રીજા નંબરના સંતાનની જન્મ તારીખ ૧૬/૦૫/૨૦૦૫ છે. તેઓના તમામ સંતાનોના જન્મ તારીખના દાખલા તેઓએ કઢાવેલા છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ કામના આરોપી તેઓની સામે રહેતા હોવાના કારણે તેઓ તેને ઓળખે છે. ફરીયાદ લેતી વખતે તેઓએ પોલીસને તેમની દિકરી નો જન્મતારીખનો દાખલો આપેલો.તેઓને નીશાની ૨/૫ વાળો દાખલો ભોગબનનારનો જન્મતારીખનો દાખલો બતાવતાં તેમા લખેલ જન્મતારીખ સાચી છે અને આ જન્મતારીખનો દાખલો તા.૧૬/૧૦/ ૨૦૨૦ ના રોજ કઢાવવામાં આવેલ છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ દાખલો મારા ઘેર પડેલ છે. આ દાખલામાં જન્મતારીખ ૨૦૦૩ ની સાલની જ લખેલી હતી. આ ચેકચાક વાળો દાખલો હું રજુ કરી શકું. આ દાખલો ચીલાડા ગ્રામ પંચાયતમાં નોધાયેલ છે. નીશાની ૨/૫ વાળા ભોગબનનારના જન્મ દાખલાની નકલ સદર કામે આંક–૨૫ થી

રજુ રાખેલ છે. તેઓ એ વાત સ્વીકારે છે કે, આ દાખલામાં મારા પત્નીનું નામ લખેલ નથી. તેઓએ તેમની દિકરીને શાળામાં દાખલ કરેલી તે વખતે તેમની દિકરીની જન્મતારીખઃ–૨૨/૦૩/ ૨૦૦૩ લખાવેલી. વધુમાં બચાવપક્ષ તરફે બાકીના પુછવામાં આવેલ સવાલનો ઈન્કાર કરી સરતપાસની હકીકતને ટકી રહેલ છે.

(૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨, આંક–૨૬ થી ભોગબનનારના માતાનો પુરાવો નોંધવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓને કુલ ૬ સંતાન છે. જેમાં પાંચ દિકરીઓ અને એક દિકરો છે. તેઓના સંતાનોમા ભોગબનનાર તેઓની બીજા નંબરની દીકરી છે. જે આ કામના ભોગબનનાર દીકરી છે. તેણીની ઉંમર હાલમા આશરે ૧૭ થી ૧૮ વર્ષની છે. બનાવ સમયે તેણીની ઉંમર ૧૭ વર્ષની હતી. તેઓની ભોગબનનાર દીકરીની જન્મ તારીખ ૨૦૦૩ ના વર્ષમાં ત્રીજા મહિનામાં થયેલ. જન્મ તારીખ તેમને યાદ નથી. તેઓ બધાને ગામડે જવાનું હોય કારખાનામાં રજા લીધેલી. તેઓ સોનમ કારખાનામાં મજુરીકામ માટે જતા હતા. તેમની સાથે તેમના કુંટુંબી નિતાબેન અને સુરેશભાઈ કારખાનામાં કામ કરતા હતા. તેઓ તેમના ગામડે જવાના હોય આ નિતાબેન અને સુરેશભાઈએ બપોરના ચારેક વાગ્યે તેમના ઘરે અમને ચા–પાણી પીવા માટે બોલાવેલા. તેથી હું તથા મારા પતિ તેઓની ઘેર ચા–પાણી પીવા માટે ગયેલા અને ભોગ બનનાર મારી દિકરી ઘેરે હતી. અમારે ગામડે જવા માટે યુટીલીટી ગાડી ભાડે કરેલ હતી. અમે ચા પાણી પીને પરત અમારે ઘરે આવેલા તે વખતે અમારી ભોગ બનનાર દિકરી ઘરે ન હતી જેથી અમોએ તેણીની આજુબાજુમાં તપાસ કરેલી. તે વખતે અમારી દિકરીએ ડ્રેસ પહેરેલ હતો જેનો કલર મને યાદ નથી.

અમારી દિકરી મળી આવતી ન હોય અમે આજુબાજુમા તથા બાથરૂમ માં તપાસ કરેલી પરંતુ ત્યાં મળેલ ન હતી. તેથી મારા પતિ એ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલ હતી અને પોલીસે મારો જવાબ લીધેલ હતો. તેઓ આરોપીને ઓળખતા હોવાનું જણાવી ના. કોર્ટમાં ઓળખી બતાવે છે.

**(૧૧.૧)** સદર સાહેદની આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેમના લગ્નને આશરે ૨૦ વર્ષ થયેલ છે. તેઓને છ સંતાનો છે. તેમની સૌથી નાની દિકરીની ઉમર પાંચ વર્ષની છે. તેણી ની જન્મ તારીખ મને યાદ નથી. સાહેદ જણાવે છે કે મને માથાની નસ દબાતી હોય યાદ રહેતુ નથી. તેમના લગ્ન કઈ સાલમાં થયેલા તે તેમને યાદ નથી. તેઓની સૌથી મોટી દિકરીની જન્મ તારીખ ૨૬ જાન્યુઆરી છે વર્ષ તેમને યાદ નથી. તેઓ સ્વીકારે છે કે મને મારા છ માંથી એક પણ સંતાનોની જન્મ તારીખ યાદ નથી. પોલીસે મને શુ શુ પુછેલુ તે મને યાદ નથી. તેઓ સ્વીકારે છે કે મારી ભોગ બનનાર દિકરી ને આરોપી સાથે પ્રેમસંબંધ હતો. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, આ લોકો એક જ કારખાનામાં હોવાના કારણે અમે ઓળખતા હતા. વધુ માં, બચાવપક્ષ તરફે બાકીના પુછવામાં આવેલ સવાલનો ઈન્કાર કરી સરતપાસની હકીકતને ટકી રહેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩, આંક-૨૭ થી ભોગબનનારનો પુરાવો નોંધવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેણી ચાર્જસીટમાં દર્શાવેલ સરનામે મારા માતા - પિતા સાથે રહેતી હતી હાલમાં તેણીના લગ્ન થઈ ગયેલ હોય મારા પતિ સાથે રહું છુ. મારી જન્મતારીખ ૨૨/૦૩/૨૦૦૩ છે. હુ ધોરણ - ૮ સુધી અમારા ગામમા ભણેલી છુ. બનાવ બન્યો ત્યારે મારી ઉમર

૧૭ વર્ષની હતી. અમો કુલે પાંચ બહેનો અને એક ભાઈ છીએ. હાલના બનાવને આજથી પાંચ–છ વર્ષ જેટલો સમય થયેલ હતો. બનાવના દિવસે અમો મોરબી કામ કરતા હતા.બેયના રૂમ સામસામે હતા. બનાવના દિવસે અમારે ગામડે જવાનું હતું. તે દિવસે મારા મમ્મી પપ્પા મારા ફઈબાના ઘરે ચા–પાણી પીવા ગયેલ હતા. તે વખતે સાંજના ચાર–પાંચ વાગેલ હતા. તે વખતે મારા ઘેરે હું તથા મારી નાની બહેન હતી.તે વખતે ઘરે હું એકલી હતી અને સંજય સોલંકી રોડ પર ઉભો હતો જેથી હું તેની સાથે રીક્ષામાં બેસીને જતી રહેલી. સૌપ્રથમ અમે રંગપર ગયેલા અને ત્યાંથી ચાલીને જતા રહેલા કયું ગામ હતુ તેની મને ખબર નથી. ત્યાં જંગલ જેવુ હતુ અને ઝાડવા જેવુ હતુ ત્યાં અમો રોકાયા અને તે વખતે સંજય સાથે શારીરીક સંબંધ બાંધેલો હતો. આ જગ્યા એ અમે સવાર સુધી રોકાયેલ હતા. ત્યારબાદ અમો ચાલી ને ચોટીલા ગયેલા. ત્યારબાદ ચોટીલા ચાંમુડા માતાજીના દર્શન કરેલા ત્યારબાદ ભાડાની રીક્ષામા બેસીને સંજય સોલંકીના મમ્મી પપ્પા પાસે આવેલા. ત્યાંથી ખબર પડતા કે પોલીસ ફરીયાદ થયેલ છે એટલે અમોને પોલીસ સ્ટેશને લઈ ગયેલા. પોલીસે તપાસ કરેલી. ત્યાર બાદ હું મારા મમ્મી પપ્પા સાથે ઘરે પરત આવી ગયેલી. પછી હું મારા રૂપેશકાકાના ઘેરે રોકાયેલી. ત્યારબાદ હું ઘરનું કામ કરતી હતી. ત્યાર બાદ મને મોરબી દવાખાને લાવેલા ત્યાં મારી શારીરીક તપાસણી કરેલી. ત્યારબાદ બીજે કયાય લઈ ગયેલ નહી. મને આ પહેલા બીજી કોર્ટ માં પણ લઈ ગયેલા ત્યાં કોર્ટમાં જજ મેડમે મારી પુછપરછ કરેલી અને બાદ મારી સહી લીધેલ. સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન બતાવતા તેમા તેણીની સહી ઓળખી

બતાવે છે જે નિવેદન સદર કામે આંક:-૨૮થી રજુ રાખેલ છે. આંક:-૨૮ જોતાં તેમાં સગીર હોવાથી સોંગદ અપાયેલા નથી. પરંતુ સ્પષ્ટ રીતે પુછતાં તેમાં તેણીએ જન્મ તારીખ:-૨૨/૦૩/૨૦૦૩ નું બતાવે છે તથા અભ્યાસ ધોરણ-૮ સુધીનો બતાવે છે. વધુમાં તેઓ કોર્ટમાં આવતાં હોય ત્યારે સોગંદ વિશે જાણતાં હોવાનું જણાવે છે. વધુમાં જણાવે છે કે, આરોપી તેણીની સામે જોતો પરંતુ તેઓ તેની સામે જોતાં નહી અને પોતાનું કામ કરતી હતી તેવું જણાવે છે. તેણીને તેના મમ્મી-પપ્પા સાથે રહેવું છે. તે વાતની તેણીને જાણ છે કે, તેણીને ભગાડી લઈ ગયેલ તેવી ફરીયાદ કરેલ છે. અને વધુમાં જણાવે છે કે, અગાઉ ચાર છોકરીને ભગાડેલી અને મમ્મી-પપ્પા સાથે રહેવું છે બીજું કાઈ કહેવું નથી તેવું જણાવી જાય છે. આમ, ભોગ બનનાર તેણીની જન્મ તારીખ સ્પષ્ટ જણાવે છે તથા આ અગાઉ પણ અન્ય ચાર છોકરીને આરોપી ભગાડી ગયેલ હોય તેવું તથા આરોપી આવા પ્રકારનો ગુનો કરવાની ટેવ વાળો હોય તેવું મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં જણાવી જાય છે.

**(૧૨.૧)** સદર ભોગબનનારની આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેણી કામ કરતી હતી ત્યાં સંજય કામ કરતો હતો એક બીજાને ઓળખતા હોય તેઓ વાતચીત કરતાં હોય તે બાબતની હકીકત જણાવી જાય છે. પરંતુ તેણીને જન્મ તારીખની વિગતો ખબર નથી તેવું જણાવે છે. વધુમાં તેણી જણાવે છે કે, ધોરણ-૮ સુધી ભણેલ છું, ભણવા જતી ત્યારે કેટલી ઉમર હતી તે યાદ નથી. વધુમાં તેણી જણાવે છે કે, આરોપી સાથે તેણી બોલાવવાથી તેની રીતે સાથે ગયેલ અને આરોપીએ મને ફોન થી બોલાવેલ જેથી ગયેલ

તેણીની સાથે બળજબરી કરેલ ન હતી અને રીક્ષામાં કોઈ ની સાથે વાતચીત પણ કરેલ ન હતી. વધુમાં તેણી જણાવે છે કે, ચોટીલા દર્શનમાં ગયેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે. મારી સાથે આરોપીએ શારીરીક સબંધ બાંધેલ નથી એટલે કે, શારીરીક સબંધ બાંધેલ હોવાનું જણાય આવે છે. તેણી એ વાતનો ઈન્કાર કરે છે કે, પોલીસે મને માત્ર મારુ નામ, ઉમર અને સરનામાની વિગત પુછેલ. સાહેદ જણાવે છે કે, બધુજ પુછેલું. પોલીસ નિવેદનમાં પુછેલ અમુક બાબત પુછતાં અમુક બાબતમાં ખરૂ હોવાનું જણાવી જાય છે. વધુમાં તેણીને કાયદાનો સવાલ પુછી ૧૮ વર્ષથી નાની ઉમરનાને કામે રાખી શકાય તે બાબતે પુછતાં જણાવે છે કે, તેણી પપ્પા સાથે ગયેલ તેથી કામે રાખેલ. તેણીને જન્મતારીખ યાદ કરાવેલ નથી પરતુ મને યાદ છે કે, મારી જન્મ તારીખ:- ૨૨/ ૦૩/ ૨૦૦૩ ની છે. તેણી એ વાતનો ઈન્કાર કરે છે કે, આ જન્મ તાઢ રીખ ખોટી જણાવું છું. તેણી એ વાત સ્વીકારે છે કે, મને શાળા છોડયા નું પ્રમાણપત્ર આપેલ અને તેમાં મારી જન્મ તારીખ લખેલ હોય. તેણી એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપી મને ભગાડી ગયેલ નથી કે મારી સાથે ખરાબ કામ કરેલ નથી. આમ, સદર ભોગબનનારે તેમની જન્મ તારીખ બાબતમાં ચોકકસ છે. આરોપી આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળા હોય મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં જણાવે છે.વધુમાં તેણી સ્પષ્ટ જણાવે છે કે, આરોપીએ તેણીને ભગાડી જઈ ખરાબકામ કરેલ છે. વધુમાં આ સાહેદની જુબાની દરમ્યાન મેજીસ્ટ્રેટ રૂબરૂ લેવાયેલ નિવેદનના કાગળો રજુ કરેલ છે તેમાં એક જન્મના પ્રમાણ પત્રની ખરી નકલ છે જેમાં પણ તેણીની જન્મ તારીખની નોંધણી

તા.૨૪/૦૩/૨૦૦૩ નારોજની લખેલ છે વકીલશ્રી મારફતે આ જન્મના પ્રમાણપત્રમાં ચેક ચાક કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ ચેક ચાકવાળુ જોતાં પણ તા.૨૪/૦૩/૨૦૦૩ ના બદલે તા. ૨૪/ ૦૩/ ૨૦૦૫ જેવું દેખાય છે. આમ, તેણીની ઉમર જન્મ તારીખના દાખલા જેટલી ઉમર જણાવતાં હોય ચેક ચાક વાળું વાંચતા તેનાથી નાની ઉમરના હોય તેવું જણાય આવે છે. વધુમાં ડોકટરશ્રીના કેસ પેપર્સ જોતાં ઉમર વર્ષ ૧૭ વર્ષની સ્પષ્ટ લખેલ છે. વધુમાં, બચાવપક્ષ તરફે બાકીના પુછવામાં આવેલ સવાલનો ઈન્કાર કરી સરતપાસની હકીકત ને ટકી રહેલ છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો:–</u>**

(૧૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪,આંક–૨૯ થી ભોગબનનારના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ મહેશભાઈ કરમશીભાઈ કંઝારીયાને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હું હાલે નાયબ મામલતદાર તરીકે મારી ફરજ બજાવુ છુ.તા.૧૩/૧૦/૨૦૨૦ નારોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે અમારા મામલતદાર સાહેબની સુચનાથી હું તથા મારા સાથી રેવન્યુ કલાર્ક રવિભાઈ બાલુભાઈ બાવરવા નાઓ ને અમારા સાહેબે અમોને બોલાવી જણાવેલુ કે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમા ભોગબનનારના કપડા કબજે કરવાનુ પંચનામુ કરવાનુ હોય પંચ તરીકે રહેવા માંગણી કરવામા આવેલી છે અને આથી તમારે પંચનામામા સાહેદ તરીકે જવાનુ છે. જેથી હુ તથા રવિભાઈ બાલુ ભાઈ બાવરવા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમા સાંજના સાડા ત્રણ વાગ્યાના સુમારે ગયેલા હતા. અમો પોલીસ સ્ટેશનમા ગયા ત્યારે ઈ.ચા પોલીસ ઈન્સપેકટર શ્રી આઈ.એમ.કોઢીયા સાહેબ તથા

અન્ય માણસો હાજર હતા અને એક બેન હાજર હતા. જે આ કામના ભોગબનનાર હતા. અમોનેપોલીસના માણસો એ ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરવા માગે છે તે અંગે પંચનામુ કરવાનુ હોય પંચ મા રહેવા સમજ આપેલી હતી. અમારી હાજરીમા આ કામના ભોગ બનનારે  બનાવ સમયે પહેરેલ કપડા રજુ કરતા જેમા ૧.સફેદ લીલા કલરનું પેટીકોટ જેવુ હતુ, ર.નાઈટપેન્ટ ગ્રે કલરનું હતું. જે પંચનામાની વિગતે મુદામાલ તરીકે પોલીસે અમારી હાજરીમા એક કાપડની બેગીમા અંદર મુકી અમો પંચોની સહીવાળી સ્લીપ લગાવી પી.આઈ. મોરબી તાલુકાના હોદ્દાનુ લાખથી શીલ કરી કબજે કરેલા હતા. મને મુદ્દામાલ તરીકે કબજે કરેલા કપડા બતાવવામા આવે તો ઓળખી શકુ. મને મુદામાલ કપડા બતાવવામાં આવે છે  તે જોઈને કહુ છુ કે આ તે જ કપડા છે જે પંચનામા દરમિયાન પોલીસે આ કામના ભોગ બનનારે રજુ કરેલ અને અમારી હાજરીમા મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવેલા હતા જેને હુ ઓળખી બતાવુ છુ. મને મુદામાલ માંથી નીકળેલ પંચ સ્લીપ બતાવવામા આવે છે તે જોઈને કહુ કે તેમા પંચ નં.૧ તરીકે મારી અને પંચ નં.ર  તરીકે રવિભાઈ બાલુભાઈ બાવરવા ની સહીઓ છે જે ઓળખી બતાવી સદર કામે પંચસ્લીપ આંક–૩૦ તથા પંચનામું આંક–૩૧ થી રજુ રાખેલ છે.

**(૧૩.૧)** સદર પંચ સાહેદની આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ તેમની ફરજમાં તા.૧૩/૧૦/૨૦૨૦ ના રોજ હાજર હતાઅને મારી ફરજનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૧૦ વાગ્યા સુધીનો હોય છે અને ઓફીસના કામ સર બહાર જવાનું થાય તો નોંધ કરવાની રહે છે. પંચમાં રહેવા માટે મામલતદાર સાહેબે કહેલ

અમારી કચેરીએથી સર્કલ ઈન્સ્પેકટરશ્રીની ઓફીસે પહોચતા અમારે દસેક મિનિટ જેટલો સમય થયેલો અને હું મારા પોતાના અંગત વાહનમાં ત્યાં ગયેલો. તેઓને બાકીની પંચનામાની હકીકત વિશે પુછતાં ઉલટતપાસ દરમ્યાન સરતપાસની હકીકતને ટકી રહેલ છે.આરોપીપક્ષ મારફતે પુછાયેલ હકીકત ખરી નથી તેવું સ્પષ્ટ જણાવી જાય છે. વધુમાં તેઓને પંચનામાના કપડા બાબતે પુછતાં કોર્ટ મારફતે યાદ દાસ્તની ચકાસણી માટે બોલાવેલ નથી તથા શરીર સ્થિતિ નું પંચનામું કરવાનું ભોગબનનારે પંચનામા વખતે કેવા કપડા પહેરેલ હતા તે બાબતે પ્રશ્ન પુછવાની પરવાનગી પણ આપેલ નથી. અને બાકીની સરતપાસની હકીકતને ટકી રહેલ છે. તેથી તેઓ ની સરતપાસમાં જણાવેલ હકીકતને ન માનવાને કોઈ કારણ નથી. તેઓ ને સફેદ લીલા રંગના તથા ગ્રે રંગના કપડા ભોગ બનનારે પહેરેલ હોય તેવું પુછતાં ઓળખાવી જાય છે અને ફરીયાદી પણ તેમની જુબાની માં ભોગબનનાર લીલા રંગના કપડા પહેરી ગયેલ હોવાનું જણાવી જાય છે.

**(૧૪)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૫, આંક–૩૨ થી આરોપીના અટક પંચ નામાના પંચ સાહેદ નારણભાઈ ભીમાભાઈ મારૂને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવી જાય છે કે, તેઓને પાંચેક વર્ષ પહેલા પોલીસે પંચમાં પોલીસ સ્ટેશને બોલાવેલ અને તેઓ સાથે અન્ય પંચ તરીકે ગોવિદભાઈ અને ભોગ બનનારના પપ્પા હતા. તેઓએ જે ફરીયાદ લખાવેલી તે પોલીસ લખતા જતા હતા. તે વખતે સંજય રાણાને તથા ભોગ બનનારને અટક કરેલા હતા. પછી ભોગ

બનનારના જે કપડા હતા તે બદલાવીને રજુ કરેલ તેમજ અટક પંચનામું સદર કામે આંક–૩૩ થી રજુ રાખેલ છે.

**(૧૪.૧)** સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી યાદદાસ્ત તાજી કરાવતાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે, તેઓએ પંચનામા વખતે પોલીસને એવુ લખાવેલુ કે ''એક ઈસમ બેઠેલ છે જેનું નામ અમો પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે તેનુ નામ સંજય રાણાભાઈ સોલંકી રહે :થાનગઢ, જિ.સુરેન્દ્રનગર હોવાનું જણાવેલ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, મજકુરને ગુનાના કામે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા પોતે પહેરેલ કપડા હોય અને સાથે બીજા કપડા સાથે લાવેલ હોય જે પહેરેલકપડા બદલાવી રજુ કરતા ઓળખી બતાવે છે. તેઓની હાજરીમાં સીલ કરેલ હોય તે બાદ પાવતી ની વિગતો તથા મુદામાલ પહોચની વિગતોનું સ્પષ્ટ વર્ણન લખાવી જાય છે. તેમજ પંચ સ્લીપ સદર કામે આંક–૩૪ થી રજુ કરેલ છે.

**(૧૪.૧)** સદર પંચ સાહેદની આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, આ કામના ફરીયાદી તેમના કાકાના દિકરા થાય છે અને ગોવિદભાઈ બનેવી થાય છે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ પંચનામાની હકીકત લખાવેલ ન હતી. સાહેદ જણાવે છે કે અમને પુછતા હતા અને ટાઈપ થતી હતી. અને વાંચી ને સહી કરેલી. તે રીતે સોઈ દોરાથી કોણ સીવતું હતુ તે યાદ નથી. આરોપી તેઓની જ્ઞાતિના છે અને ઓળખતા હોવાનું જણાવે છે તથા અને ફરીથી તેઓએ આરોપીએ પંચનામા સમયે કપડાંનું પુછતાં કોર્ટે તેવા સવાલ પુછવાનો ઈન્કાર કરેલ છે. તેઓ એ વાત સ્વીકારે છે કે,

આ સમયે આરોપી અને ભોગ બનનાર બન્ને હાજર હતા અને ભોગ બનનારે તેઓની હાજરીમાં પોલીસ સ્ટેશનમાં કપડા રજુ કરેલા. વધુમાં બાકીની સરતપાસની હકીકતને આ પંચ સાહેદ ટકી રહેલ છે. અને ઉલટતપાસની હકીકતને સમર્થન આપતાં નથી જેથી તેઓની હાજરીમાં અટક પંચનામાની તેમજ કપડા કબ્જે કર્યાના પંચનામાની કાર્યવાહી થયેલ હોવાની હકીકત ફલીત થાય છે.

**<u>તબીબી સાહેદનો પુરાવો:–</u>**

**(૧૫)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬, આંક–૩૬ થી ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડોકટર કાજલબેન ભીખા ભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હું એમ.બી.બી.એસ.ની ડિગ્રી ધરાવુ છુ. હાલમા હુ સામુહિક આરોગ્ય કેન્દ્ર ટંકારા ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે રાત્રીના કલાક –૧૦ : ૦૦ ઈ.ચા.સર્કલ પી.આઈ. મોરબી નાઓની પોલીસ યાદી સાથે આ કામના ભોગ બનનારને મારી સમક્ષ નમુના મેળવવા અને શારીરિક પરીક્ષણ કરવા રજુ કરેલા હતા. જે અંગેની યાદી ઓળખી બતાવી આંક–૩૭ થી રજુ રાખેલ છે. આ કામના ભોગબનનારને મારી સમક્ષ રજુ કરતા ભોગ બનનારની શારીરીક તપાસણી માટે તેણીના પિતાની સંમતિ મેળવેલી હતી જે અંગે તેણીના પિતા તથા ભોગબનનાર ની સહી લીધેલ હતી. બનાવ સબંધે પુછપરછ કરતા ભોગબન નારે મારી રૂબરૂમા જણાવેલ કે, ''ચાર મહિનાથી સોનમ કારખાના માં હું અને સંજય રાણાભાઈ સોલંકી કામ કરીએ છીએ પહેલી

મુલાકાત સોનમ કારખાનામાં થઈ હતી બે દિવસ પહેલા હું મારી મરજી થી સંજય રાણાભાઈ સોલંકી સાથે ભાગી ગયેલ હતી તે મને જોડીયા ગામની સીમમા લઈ જઈ મારી સાથે મારી મરજીથી શારીરીક સંબંધ બાંધેલ છે.'' જે અંગેની નોંધ મે પ્રમાણપત્રમા કરેલી છે. ભોગ બનનારના ઓળખ ચિન્હોમા ભોગબનનારના ડાબા હાથ ઉપર ''એસ'' નામનુ ટેટુમાર્ક ત્રોફાવેલુ હતુ. તેણીનો શરીરનો બાંધો મધ્યમ હતો, તેણીની ઉચાઈ ૧૫૮ સે.મી. અને વજન ૪૦ કીલોગ્રામ હતો. તેણીના છેલ્લા માસિકની ભોગ બનનારને યાદ નથી એવુ જણાવેલ હતું. તેણી અપરિણીત હતા, બાળક ન હતુ. તેણીના ગુપ્તભાગના વાળ ચોટેલા ન હતા. તા.૧૧/૧૦/૨૦૨૦ ના તેણીએ સ્નાન કરેલુ હતુ. તેણીના મોઢા, ગળા, ધડ ઉપર, છાતીના ભાગે, કમરના ભાગે, બંને હાથ–પગ કે આખા શરીર ઉપર કયાય કોઈ બાહય ઈજાના ચિહનો જણાયેલા ન હતા. તેણીના ગુપ્તભાગે તપાસ કરતા કોઈ ઈજાના ચિહનો જણાયેલા ન હતા. તેણીનુ યોનીપટલ જુનુ તુટેલુ હતુ. મારા અભિપ્રાય મુજબ તેણીની તપાસણી કરતા તેણી સાથે હાલમા કોઈ બળજબરીથી સંભોગ થયેલો હોય કે ન થયેલો હોય તેવુ ચોકકસ પણે કહી ન શકાય. ભોગબનનારના શરીર ઉપરથી નીચે મુજબના નમુના પૃથકરણના હેતુસર લીધેલ હતા.જેમાં, લોહી પ્લેઈન અન ે ઈ.ડી.ટીએ.,ગુપ્તભાગના વાળ, નખ, લાળ, વજાઈનલ સ્વેબ–સ્મીએર, સર્વાઈકલ સ્વેબ–સ્મીએર, યુરેથલ સ્વેબ–સ્મીએર ની સ્લાઈડસ લીધેલી હતી. જે નમુના આવેલ પોલીસ કર્મચારીને નમુના નંબર. ૨(બી) પત્રક બે પ્રતમાં ભરી સહી કરી શીલબંધ હાલતમા સોપેલા હતા.નીશાની ૨/૭ બતાવતાં

તે જોઈને કહુ છુ કે, ભોગબનનારની શારીરિક તપાસણી કરેલ અને નમુના મેળવેલ તેનુ પ્રમાણપત્ર છે તેમા લખેલ હકિકત સાચી છે તે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી અને હોદાનો સીકકો છે જે આંક–૩૮ થી રજુ રાખેલ છે. તેમજ નીશાની ૨/૮ બતાવતાં તે તેમના હસ્તાક્ષરમાં હોવાનું જણાવી તેમાં તેમની સહી ઓળખી બતાવી નમુના નંબર. ૨(બી) ના ફોર્મ સદર કામે આંક–૩૯ થી રજુ રાખેલ છે તેમજ ભોગબનનારના અસલ કેસ પેપર્સ બતાવતાં તે તેમના હસ્તાક્ષરમાં હોવાનું ઓળખી બતાવી સદર કામે આંક–૪૦ થી રજુ રાખેલ છે.વધુમાં જણાવે છે કે, તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે રાત્રીના કલાક –૧૦ : ૦૦ ઈ.ચા.સર્કલ પી.આઈ.મોરબી નાઓની પોલીસ યાદી સાથે આ કામના આરોપી સંજય રાણાભાઈ સોલંકીને મારી સમક્ષ નમુના મેળવવા અને શારીરિક પરીક્ષણ કરવા રજુ કરેલા હતા. જે યાદી તેઓએ રીસીવ કર્યા બાબતની મારી સહી, તારીખ અને સમય નોંધેલ છે જે સદર કામે આંક–૪૧ થી રજુ રાખેલ છે ત્યારબાદ આ કામના આરોપીને મારી સમક્ષ રજુ કરતા આરોપીની બનાવ બાબતે પુછપરછ કરતા આરોપીએ જણાવેલ છે કે, ''ચાર મહિના પહેલા સોનમ કારખાનામાં કામ કરતા હતા. ત્યાં પહેલી વખત એકબીજાને મળ્યા બન્ને લોકો સોનમ કારખાનામાં કામ કરીએ છીએ. છેલ્લા દિવસ પહેલા હું ભોગ બનનાર સાથે ભાગી ગયેલ અને તેને જોડીયા ગામની સીમમા લઈ જઈ ભોગ બનનાર સાથે તેની મરજીથી શારીરીક સંબંધ બાંધેલ.'' જે અંગેની નોંધ પ્રમાણપત્રમા કરેલી છે. આરોપીના શારીરીક તપાસણી કરેલી હતી જેમાં આરોપીના ઓળખ ચિન્હોમા આરોપીના જમણા હાથમાં ''ક્રોસમાર્ક'' ટેટુમાર્ક

ત્રોફાવેલુ છે. તેના શરીરનો બાંધો પાતળો હતો. આરોપીની ઉંચાઈ ૧ ૬૭ સે.મી. હતી. તેનુ વજન ૫૦ કીલોગ્રામ હતુ, આરોપીએ લગ્ન કરેલ ન હતા. તેણે લાલ કલરનુ ટી–શર્ટ અને બ્લુ કલરનું જિન્સ પહેરેલ હતુ. તેણે તા.૧૧/૧૦/૨૦૨૦ ના રોજ સ્નાન કરેલ હતુ. તેના શરીર ઉપર કોઈ બાહય ઈજાના ચિહનો જણાયેલા ન હતા. તેના ગુપ્ત ભાગે વાળ ચોંટેલા ન હતા. તેના બંને ટેસ્ટીસ નોર્મલ હતા અને કોઈ બાબત અજુગતિ જણાયેલ ન હતી. સેકસ્યુઅલ કેરેકટર સુવીકસીત હતા. આરોપીના જણાવ્યા મુજબ બે દિવસ પહેલા ભોગ બનનાર સાથે ભાગી જઈને જોડીયાની સીમમાં તેની સાથે તેની મરજીથી શરીર સંબંધ બાંધેલ. મારા અભિપ્રાય મુજબ ઉપર જણાવેલ ફાઈન્ડીંગ અને એકઝામીનેશન મુજબ એવુ કાંઈ જણાતુ ન હતુ કે આરોપી શરીર સંબંધ બાંધવા સક્ષમ નથી. ત્યારબાદ આરોપીના શરીર ઉપરથી નીચે મુજબના નમુના પૃથકરણના હેતુસર લીધેલ હતા. જેમાં, લોહી પ્લેઈન અને ઈ.ડી.ટી.એ, લાળ, વીર્ય, ગુપ્તભાગના વાળ, યુરીન તથા નખના નમુના મેળવી આવેલ પોલીસ કર્મચારીને નમુના નંબર. ૨ (બી) પત્રક બે પ્રતમાં ભરી સહી કરી શીલબંધ હાલત મા સોપેલા હતા. તેઓને નીશાની ૨/૧૦ વાળો દસ્તાવેજ બતાવતાં તે આરોપીની શારીરિક તપાસણી કરેલ અને નમુના મેળવેલ તેનુ પ્રમાણ પત્ર છે તેમા લખેલ હકિકત સાચી છે તે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી અને હોદાનો સીકકો છે જે ઓળખી બતાવી સદર કામે આંક –૪૨ થી રજુ રાખેલ છે તેમજ નમુના નંબર. ૨(બી) ના ફોર્મ તેમના હસ્તાક્ષરમાં હોવાનું જણાવી સદર કામે આંક–૪૩ થી રજુ રાખેલ

છે તેમજ અસલ કેસ પેપર્સ તેમના હસ્તાક્ષરમાં લખેલ હોવાનું જણાવી અસલ કેસ પેપર્સ આ કામે આંક–૪૪ થી રજુ રાખેલ છે.

**(૧૫.૧)** સદર ડોકટર સાહેદની આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે,પોલીસ મારી પાસે આવી ત્યારે આરોપી અને ભોગ બનનાર બન્નેને સાથે લાવેલ હતી તે વખતે સાથે કોઈ મહિલા પોલીસ ન હતી તથા રાત્રીના સમયે લાવેલા અને હીસ્ટ્રી બાબતે તથા અન્ય બાબતે પોતાની સરતપાસની હકીકતને ટકી રહેલ છે. તેમજ ઉલટ તપાસ દરમ્યાન આરોપીને સમર્થનકારી કોઈ હકીકત જણાવતાંનથી. તેમજ તેઓએ રજુ કરેલ મેડીકલ પેપર્સ તથા કેસ પેપર્સ માં ભોગ બનનારની ઉમર ૧૭ વર્ષની લખેલ છે તેમજ આરોપીની ઉમર ૨૩ વર્ષની લખેલ છે.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો:–</u>**

**(૧૬)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬, આંક–૫૧ થી પી.એસ.ઓ.સાહેદ હીતેષભાઈ મુળજીભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, સને ૨૦૨૦ના વર્ષમાં હું મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પો. હેડ. કોન્સ્ટેબલ તરીકે ફરજ બજવતો હતો દરમ્યાન તા.૧૨/૧૦/ ૨૦૨૦ ના રોજ કલાક ૧૨ : ૦૦ થી ૨૦ : ૦૦ સુધી પી. એસ. ઓ. તરીકે મારી ફરજ પર હાજર હતો. તે વખતે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પો.ઈ.શ્રી. સાહેબ નાઓએ આ કામના ફરીયાદી તેમના રૂબરૂની વિગતવારની ફરીયાદ લઈ ફરીયાદ અંગે ગુનો રજીસ્ટર થવા મારી તરફ મોકલી આપતા ફરીયાદ અંગે આઈ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ–૧૮ મુજબ ગુના રજીસ્ટર નંબર–૧૧૮૮/

૨૦૨૦ થી નોંધી લઈ આગળની તપાસ પો.ઈ.શ્રી. મોરબી નાઓ ને સોપેલી હતી. નિશાની ૨/૧ વાળા ડેપ્યુટ હુકમમાં પી. એસ. ઓ. તરીકે તેમની સહી ઓળખી બતાવી સદર કામે આંક–પર થી રજુ રાખેલ છે.

**(૧૬.૧)** સદર સાહેદની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદ અંગે ગુનો રજીસ્ટર કર્યો તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. તેઓ એ વાત નો ઈન્કાર કરે છે કે, ઉપરી અધિકારી ના કહેવાથી ખોટો ગુનો દાખલ કરેલ છે. તેઓ સ્વીકારે છે કે, ફરીયાદ સાથે કોઈ જન્મનો દાખલો આપેલ ન તથા ડેપ્યુટ હુકમ કર્યો તે સમયે સમય લખેલ નથી. પરંતુ સ્પષ્ટ જણાવી જાય છે કે, મારી પોતાની સહીથી આપેલ છે. સવાલ નં.ર પુછતાં જે તે સમયે સવાલ અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે કારણ કે પુછવા માટે યોગ્ય ન હતાં અને ત્યારબાદ ઉલટતપાસ મુલ્તવી રાખી અને ફરીથી ઉલટતપાસ લેતાં સ્વીકારે છે કે, જયારે કોઈ વ્યકિતને ફરીયાદ કરવાની હોય ત્યારે પોલીસ સ્ટેશન ઓફીસર સમક્ષ આવવાનું હોય છે તેવું જણાવી જાય છે. ફરીયાદી ફરીયાદ કરવા રૂબરૂ આવેલ નથી તેવું પુછતાં સ્વીકારે છે કે, ફરીયાદ પી.એસ.આઈ.શ્રી ડી. વી. ડાંગર સાહેબના રૂબરૂની છે. અને ત્યાર પછી સવાલો પુછતાં ના પાડવામાં આવેલ છે અને કોર્ટે નોંધ કરેલ છે કે, આવા સવાલ સાહેદને પુછી શકાય નહી પરવાનગી આપવામાં આવેલ નથી. આ સાહેદ પોતાની સરતપાસની હકીકતને ટકી રહેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૮, આંક–પ૬ થી ફરીયાદ નોંધનાર અધિકારી ધનલક્ષ્મીબેન વીરાભાઇ ડાંગરને તપાસવામાં આવેલ

છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ આ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમા હુ મારી ફરજ પર હાજર હતી ત્યારે આ કામના ફરીયાદીએ તેની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ તથા ૬ મહીના ૧૧ દિવસ વાળીને આ કામના આરોપી સંજય ભાઈ રાણાભાઈ લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણા માથી ભગાડી ને લઈ ગયા હોવા બાબતે આંક – ૨૪ ની ફરીયાદ હકીકત જાહેર કરેલી હતી. જે ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લઈ તે તેણીને વાંચી સંભળાવી તેણીની સહી લીધેલી હતી જેમા રુબરુ તરીકે મે મારી સહી કરેલી હતી જે ઓળખી બતાવુ છુ. જે ફરીયાદ આંક – ૨૪ થી રજુ છે તે જ છે. જે ફરીયાદ અંગે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નં.૧૧૮૮/૨૦૨૦ ઈ.પી.કો કલમ – ૩૭૬(૨),(એન), ૩૬૩, ૩૬૬ તથા પોકસો એકટની કલમ – ૫(એલ),૬,૧૮ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલી તે યાદી નિશાની ૨/૨ થી રજુ છે તેમા મારી સહી છે તે હું ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં.૫૭. આગળની તપાસ ફરજ પરના પોલીસ ઈન્સપેકટર શ્રી આઈ.એમ.કોંઢીયા સાહેબનાઓને સોંપેલી હતી.

**(૧૭.૧)** સદર સાહેદની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસ દરમ્યાન સ્વીકારે છે કે આ કામે ફરીયાદ નોંધ્યા સિવાય મે બીજી કોઈ કામગીરી કરેલ નથી. તેઓ એ વાત સ્વીકારે છે કે,આ કામની ફરીયાદ મારા રુબરુની છે અને ફરીયાદ મે મારી ચેમ્બર મા લીધેલી. ફરીયાદમા એવુ લખાવેલ છે કે ભોગબનનારે શરીરે પંજાબી ડ્રેસ લીલા તથા સફેદ કલરનો પહેરેલો. તેઓ સ્વીકારે છે કે,આ સુચીપત્ર મે કેટલા

વાગે પી.એસ.ઓ.ને આપેલ તે સમય સુચીપત્રમા લખેલ નથી. આ સાહેદ પોતાની સરતપાસની હકીકતને ટકી રહેલ છે.

(૧૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭, આંક-૫૮ થી તપાસ કરનાર અમલદાર ઈમ્તીયાઝભાઈ મહેબુબભાઈ કોંઢીયા ને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,ગઈ તા.૧૨/૧૦/૨૦૨૦ ના રોજ અમો મોરબી સર્કલ પોલીસ ઈન્સપેકટરના ચાર્જમા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદીની ફરીયાદ પો.સ.ઈ. ડી.વી.ડાંગર નાઓની રુબરુમા લઈ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરાવી પી.એસ.ઓ તરફથી ડેપ્યુટ હુકમ સાથે અમોને તપાસ મળતા સદરહુ ગુન્હાની તપાસ અમોએ સંભાળી લીધેલી હતી. જે ડેપ્યુટ હુકમ સદર કામે આંક-૫૯ થી રજુ છે.તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલ હતા. બાદ સદરહુ ગુન્હાના આરોપી તથા ભોગબનનાર અમારા સમક્ષ રજુ થતા બે પંચો રુબરુ પંચનામુ કરી આરોપી સંજયભાઈ રાણાભાઈ સોલંકી રહે.ચીરોડા તા.ચોટીલા વાળાને અટક કરી બનાવ સમયે પહેરલ કપડા રજુ કરતા સદરહુ કપડા તપાસના કામે કબજે કરેલ હતા. તે અટક પંચનામુ આંક-૩૩ થી રજુ છે તે જ છે.ત્યારબાદ આરોપીની ગુન્હા સબબ મેડીકલ તપાસણી કરવા યાદી કરેલ હતી જે યાદી આંક- ૪૦ થી રજુ છે તે જ છે. ત્યારબાદ ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા પોતે રજુ કરતા બે પંચો રુબરુ પંચનામુ કરી સદરહુ કપડા મેડીકલ તપાસણી અર્થે કબજે કરવામા આવેલ હતા તે પંચનામુ આંક-૩૧ થી રજુ છે તે જ છે તેમા બે પંચોની તથા રુબરુ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. તપાસના કામે અમોએ ભોગ બનનારનું જન્મ અંગેનોલો દાખલો અમોએ કબ્જે કરેલ જે આ કામે આંક-૨૫ થી રજુ છે. મોરબીના મેડીકલ ઓફીસરશ્રી દ્રારા ભોગબનનારની મેડીકલ તપાસણી કરી અમોને તેઓ તરફથી

મેડીકલ સર્ટીફીકેટ પાઠવવામાં આવેલ જે સર્ટીફીકેટ આ કામે આંક – ૩૮ થી રજુ છે અને લીધેલ નમુના સીલબંધ હાલતમાં અમોને સોંપેલ તેનો ફોરર્વીગ લેટર આ કામે આંક–૩૯ થી રજુ છે. મોરબીના મેડીકલ ઓફીસર શ્રી દ્રારા આરોપીની મેડીકલ તપાસણી કરી અમોને તેઓ તરફથી મેડીકલ સર્ટીફીકેટ પાઠવવામાં આવેલ જે સર્ટીફીકેટ આ કામે આંક– ૪૧ થી રજુ છે અને લીધેલ નમુના સીલબંધ હાલતમાં અમોને સોં પેલ તેનો ફોરર્વીગ લેટર આ કામે આંક–૪૨ થી રજુ છે. આ કામે ભોગ બન નારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા સારૂ જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી, મોરબી નાઓને યાદી પાઠવેલ હતી અને તેમના તરફથી ભોગ બનનારને હાજર રખવવા સારૂ સમય અને તારીખ મળતા તે તારીખે ભોગ બનનારને હાજર રખાવેલ અને તેનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોં ધાવેલ હતું. ત્યારબાદ તપાસના કામે અમોએ જે મુદામાલ કબ્જે કરેલ હતો તે એફ.એસ.એલ.ને તપાસણી અર્થે રવાનગી નોંધ અમારા દ્રારા તૈયાર કરવામાં આવેલ જે રવાનગી નોંધ આંક–૬૦ થી રજુ છે તેમજ એફ.એસ.એલ.તરફથી મુદામાલ મળ્યા અંગેની પહોચ આંક–૬૧ થી રજુ છે તેમજ એફ.એસ.એલ. તરફથી મુદામાલ પરીક્ષણ અહેવાલ તૈયાર થઈ ગયા બાદ ફોરવર્ડીગ લેટર થી અમોને અભિપ્રાય પાઠવવામાં આવેલ જે લેટર આંક–૬૨ થી રજુ છે તથા બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ આ કામેઆંક–૬૩ તથા આંક–૬૪ થી રજુ રાખેલ છે તેમજ ત્યારબાદ તપાસના કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ના.કોર્ટમાં અમોએ ચાર્જસીટ કરેલ હતું. હું આ કામના આરોપીને ઓળખું છું જે આજ રોજ ના.કોર્ટમાં હાજર નથી.

(૧૮.૧) સદર તપાસ કરનાર અમલદારની આરોપીપક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, મને જે ડેપ્યુટ હુકમ મળેલ તેમા મળ્યા નો સમય લખેલ નથી. ફરીયાદ મોડી કરવામા આવી હતી અને ફરીયાદમા ફરીયાદ મોડી કરવા અંગેનુ કોઈ કારણ જણાવેલ ન હતુ. તથા ફરીયાદીએ ફરીયાદમા ભોગબનનારે પંજાબી ડ્રેસ લીલા કે સફેદ કલરનો પહેરલ એવુ ફરીયાદમા લખેલ છે. હું એ વાત કહી શકું નહી કે, મને ડેપ્યુટ હુકમ મળ્યો તે વખતે ડેપ્યુટ હુકમ અને ફરીયાદ સાથે ભોગબનનારની જન્મ તારીખનો આધાર આ ડેપ્યુટ હુકમ સાથે ન હતો કે કેમ? ભોગબનનારના કપડા કબ્જે કરવામા આવ્યા તે વખતે પંચોને બોલાવવા કોણ ગયેલ તે હાલમા મને યાદ નથી. વધુમાં જણાવે છે કે, ભોગબનનાર અને આરોપી બન્ને સાથે પોલીસ સ્ટેશને હાજર થયેલા. તેઓ વાતનો ઈન્કાર કરે છે કે, પંચનામુ કરતાં પહેલા પંચોને હાજર રાખેલ ન હતાં. તેઓ એ વાત સ્વીકારે છે કે, ભોગબનનારે એના નિવેદનમા તેણીએ કપડા રજુ કરેલ હોય અને કપડાનુ વર્ણન કરેલ હોય તેવુ લખેલ નથી. તેઓ એ વાત સ્વીકારે છે કે, ભોગબનનાર અને આરોપી બંનેને એક સાથે મેડીકલ તપાસ માટે લઈ ગયેલ હતા.મુદામાલ આર્ટીકલ નં.૧ જોતા તેમા દુધીયા કલરનો ડ્રેસ તથા એક ગરમ લેંઘો છે.તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, ભોગબનનારનુ નિવેદન તેઓએ ભોગબનનારના લખાવ્યા મુજબ લખેલ નથી.તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલ નથી કે સાહેદોના સાહેદોના લખાવ્યા મુજબ નહી પણ નિવેદન જાતે લખી લીધેલ છે તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, ભોગબનનાર કે આરોપીને તબીબ પાસે તપાસણી માટે લઈ ગયેલ જ નથી કે મેજીસ્ટ્રેટ રૂબરૂ લઈ ચફેલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ મહીલા કોન્સટેબલ

એસ. એમ.સોલંકીનું નિવેદન લીધેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે,ભોગબનનાર નો જન્મ તારીખનો આધાર પંચાયત ઓફીસ કે સ્કુલમાંથી મેળવેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે. વધુમાં આ સાહેદ તેઓની સરતપાસની હકીકતને ટકી રહેલ છે.

**મુદા નં. ૧ ની ચર્ચા :-**

(૧૯) સદર મુદો ભોગબનનારની ઉમર નિર્ધારણ અંગેનો છે. જાતીય ગુના ઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૨(૧)(ડી) "બાળક" ને અઢાર વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ તરીકે વ્યાખ્યાચિત કરે છે. માટે, પોકસો કાયદા હેઠળ ભોગબનનાર રક્ષણ હેઠળ આવે છે કે કેમ તે નક્કી કરવા માટે ઉંમર સ્થાપિત કરવી આવશ્યક છે. પોકસો એકટની કલમ-૩૪ હેઠળ બાળક દ્રારા ગુનાના આચરણના કિસ્સામાં અને બાળકની વય નિર્ધારણના કિસ્સામાં વિશેષ અદાલતની કાર્યરીતીની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઇ નીચે પ્રસ્તુત છે.

**Section 34. Procedure in case of commission of offence by child and determination of age by Special Court. –**

**(1)** Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016).

**(2)** If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying it-

self about the age of such person and it shall record in writing its reasons for such determination.

**(3)** No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person.

**નામ. સર્વોચ્ચ અદાલતે જરનૈલ સિંહ વિરુદ્ધ હરિયાણા રાજ્ય, 2013 (7) 163 ના ચુકાદાવાળા** કિસ્સામાં, સગીર ભોગબનનારની ઉંમર નક્કી કરવાના વિષય પર વિચાર કરતી વખતે, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો, ૨૦૦૭ ( 'જે.જે. નિયમો ૨૦૦૭' ) ના નિયમ –૧૨ ના અવકાશનું વિશ્લેષણ કરી ઠરાવ્યું છે કે, ભલે નિયમ–૧૨ ફક્ત કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકની ઉંમર નક્કી કરવા માટે જ લાગુ પડે છે, તેમ છતાં ઉપરોક્ત કાનૂની જોગવાઈ ભોગબનનાર બાળકની વય નક્કી કરવા માટેનાં આધાર સ્વરુપે લાગુ કરી શકાય છે.

**(૧૯.૧)** ઉલ્લેખનીય છે કે, 'જે.જે. નિયમો ૨૦૦૭' જુવેનાઇલ જસ્ટિસ એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૮ ના સંદર્ભમાં બનાવવામાં આવ્યા હતા, જે જુવેનાઇલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૧૫ દ્વારા રદ કરવામાં થયેલ છે અને તેને અનુરુપ જે.જે. એક્ટની કલમ ૩૪(૧) માં 'જુવેનાઇલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૦૦' ના સ્થાને 'જુવેનાઇલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૧૫' શબ્દો સાથે બદલીને સુધારો આપવામાં આવ્યો છે. માટે, ભોગબનનાની ઉંમર નક્કી કરવા માટે ઉકત ૨૦૧૫નાં કાયદાની કલમ –૯૪ ધ્યાને લેવી જરુરી બને છે. આ જોગવાઈ નિચે મુજબ છે.

**Section 94. Presumption and determination of age**

**(1)** Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

**(2)** In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

**(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;**

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

**(3)** The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

**(૧૯.૨)** જુવેનાઇલ જસ્ટિસ અધિનિયમની ઉપરોકત જોગવાઇ, ઉમર નિર્ધારણ માટેના જરુરી દસ્તાવેજોનો વંશવેલો પૂરો પાડે છે તેમાં ઉમર નિર્ધારણમાં શાળા છોડવાના પ્રમાણપત્રો અથવા **મ્યુનિસિપલ જન્મ**

**પ્રમાણપત્રો જેવા સત્તાવાર દસ્તાવેજોને પ્રાથમિકતા આપવામાં આવી છે.** એવુ ઠરાવવામાં આવ્યુ છે કે, જો આવા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો છેલ્લા ઉપાય તરીકે ઓકસીફીકેશન પરીક્ષણ અથવા ઉમર નિર્ધારીત કરતા બીજા કોઈ નવિનતમ તબીબી પરીક્ષણ સ્વીકાર્ય છે.

**(૧૯.૩)** વળી પોકસો અધિનિયમ હેઠળના કેસોમાં ભોગબનનારની ઉમર નિર્ધારણ માટે જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૯૪ મુજબ નિર્ધારિત પ્રક્રિયા અનુસરવાની હોય છે. નામદાર સુપ્રિમ કોર્ટે Jarnail Singh v. State of Haryana (૨૦૧૩) ૭ SCC ૨૬૩ ના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ ઉમર નિર્ધારણ માટે સ્વીકારેલી પ્રક્રિયા પોકસો અધિનિયમ સહિત અન્ય ફોજદારી કેસોમાં પણ લાગુ પડે છે. **વધુમાં, Mahadeo v. State of Maharashtra, (૨૦૧૩) ૧૪ SCC 637 ના ચુકાદામાં પણ ઠરાવ્યું છે કે શાળાનું જન્મ પ્રમાણપત્ર અથવા નગરપાલિકા/પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર ભોગ બનનારની ઉમર નિર્ધારણ માટે પ્રાથમિક પુરાવા ગણાય છે.** આ પરિસ્થિતિમાં, જ્યારે કલમ–૯૪(૨) મુજબના જન્મ નોંધણી સંબંધિત સતાવાર રેકોર્ડ તથા જન્મ પ્રમાણપત્ર ઉપલબ્ધ અને વિશ્વસનીય હોય, ત્યારે તબીબી ઉમર નિર્ધારણ પરીક્ષણ (ઓસિફિકેશન ટેસ્ટ) નો આશરો લેવો આવશ્યક નથી. આમ, પ્રસ્તુત કેસમાં રજૂ થયેલ ભોગબનનારની જન્મ નોંધણી સંબંધિત સતાવાર રેકોર્ડ તથા જન્મ પ્રમાણપત્ર સચોટ અને વિશ્વસનીય પુરાવા હોવાનું પ્રતીત થતું હોવાથી, તે ભોગબનનારની ઉમર નિર્ધારણ માટે જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૯૪(૨) મુજબ કાયદેસર અને સ્વીકાર્ય પુરાવા ગણાય છે.

**(૧૯.૪)** આ કામનું રેકર્ડ જોતાં ભોગબનનારના જન્મ અંગેના પ્રમાણપત્ર ની કોમ્પ્યુટરાઈઝ નકલ આંક–૨૫ થી રજુ થયેલ છે તે પ્રમાણપત્ર ફરીયાદીની જુબાની દરમ્યાન ઉલટતપાસ લેતાં સમયે આરોપીપક્ષ તરફે પુછાયેલ સવાલ દરમ્યાન સદરહું જન્મનું પ્રમાણપત્ર

બાબતે સવાલ પુછાયેલ હોય તે દરમ્યાન રજુ થયેલ છે. જેમાં ભોગબનનારનું નામ, જન્મ તારીખ ૨૨–૦૩–૨૦૦૩, ભોગબનનારના પિતાનું નામ, ગામનું નામ, તાલુકાનું નામ, અને જીલ્લાનું નામ સ્પષ્ટ લખેલ છે. તથા તેણી નોંધણીની તારીખ:– ૨૪–૦૩–૨૦૦૩ ની સ્પષ્ટ લખાયેલ છે. એટલે કે, ભોગબનનારના જન્મના બે દિવસ બાદ જન્મની નોંધણી કરાવવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તા.૧૬–૧૦–૨૦૨૦ ની લખાયેલ છે. એટલે કે, ફરીયાદ આપ્યા બાદ આ દાખલો કઢાવેલ છે તેવું જણાય છે. પરંતુ, આ દાખલો આરોપીપક્ષ તરફેની ઉલટતપાસ દરમ્યાન રજુ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત કાયદાની જોગવાઇ મુજબ પુરાવા દરમ્યાન કોઇપણ સમયે જન્મનો દાખલો રજુ થાય તો તેને માનવો જરૂરી છે. સીવાય કે તે સબંધે ખંડીત કરવા બચાવપક્ષે અન્ય દાખલો રજુ કરવો જોઇએ. પોકસો અધિનીયમની કલમ:–૨૯ તથા ૩૦ મુજબ જે પુરાવો રજુ કરવામાં આવેલ હોય તેનો ખંડન કરતો પુરાવો સાબીત કરવાની જવાબદારી બચાવપક્ષની છે. વધુમાં આ દાખલા હકીકતો સંદર્ભે ભોગબનનારની જુબાની જોતાં તેમાં જન્મ તારીખ:–૨૨–૦૩–૨૦૦૩ ની હોવાનું સ્પષ્ટરીતે જણાવી જાય છે. તથા મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં આજ જન્મ તારીખ લખાવેલ છે અને આરોપી તરફે લીધેલ ઉલટતપાસ દરમ્યાન જન્મ તારીખ કયાં આધારે લખવામાં આવેલ છે તેવું પુછતાં ના પાડતાં જણાવી મારી જન્મ તારીખ યાદ કરાવેલ નથી પરંતુ સાચી છે તે મુજબ જણાવી છે તેવું સ્પષ્ટરીતે જણાવી જાય છે. જેથી તે જન્મ તારીખની વિગતો જોતાં બનાવ તા. ૧૦–૧૦–૨૦૨૦ નારોજ નો હોય અને ભોગબનનારની જન્મ તારીખ:–૨૨–૦૩–૨૦૦૩ નારોજની હોય જેથી ભોગબનનારની ઉમર કથીત બનાવ સમયે એટલે કે તા. ૧૦–૧૦–૨૦૨૦ ના અરસામાં ઉ.વ. ૧૭, ૦૬ મહીના, ૧૧ દિવસ ની હતી તેવું પુરવાર થાય છે તેમજ આ કામે થયેલ તમામ સાહેદોની જુબાની જોતાં તમામ સાહેદોએ ૧૭ વર્ષની ઉમર જણાવી જાય છે. જેથી ભોગબનનારની ઉમર પુખ્ત વયની ૧૮ વર્ષની નહી

પરંતુ ૧૮ વર્ષથી નાની એટલે કે, બનાવની તારીખે ઉ.વ. ૧૭, ૦૬ મહીના, ૧૧ દિવસ ની હોવાની હકીકતો જન્મના દાખલા પરથી સાબીત થતી હોઇ, ભોગબનનાર પોક્સો અધિનીયમ, ૨૦૧૨ની કલમ– ૨(૧) (ડી) ના અર્થમાં બાળક હતી તે હકીકત પુરવાર થયેલ હોવાનું માનવાને કારણ જણાય છે. જેથી **મુદા નં. ૧ નો નિર્ણય "હકારમાં"** આપુ છુ.

**<u>મુદા નં. ૨ ની ચર્ચા :–</u>**

**(૨૦)** એ સુસ્થાપીત છે કે, જાતિય ગુનાઓ, બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનો પુરાવો એ સર્વશ્રેષ્ઠ પુરાવો ગણાય છે. ભોગબનનારનો પુરાવો વિશ્વશનીય જણાય તો તેને કોઇ સમર્થનની જરુર નથી અને તેની એક માત્ર જુબાનીના આધાર પર આરોપીને દોષીત ઠરાવી શકાય છે. " સ્ટરલીંગ સાક્ષી " કોને કહી શકાય તેની ચર્ચા નામ. સર્વોચ્ચ અદાલત દ્રારા Ganesan vs State Rep. By Its Inspector Of Police, 2020 SC 777, AIRONLINE ના ચુકાદામાં કરવામાં આવી છે. આ ચુકાદાના પારા નં. ૯.૨ તથા ૯.૩ નીચે મુજબ છે.

"9.2 In the case of **Krishan Kumar Malik v. State of Haryana (2011) 7 SCC 130**, it is observed and held by this Court that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient, **provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality.**

9.3 Who can be said to be a **"sterling witness"**, has been dealt with and considered by this Court in the case of **Rai Sandeep alias Deepu v. State (NCT of Delhi), (2012) 8 SCC21.** In paragraph 22, it is observed and held as under:

“22. In our considered opinion, the **“sterling witness”** should be of a very high quality and calibre whose version

should, therefore, be unassailable. The court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To **test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness.** What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the **initial statement and ultimately before the court. It should be natural and consistent** with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a position to withstand the cross examination of any length and howsoever strenuous it may be and under **no circumstance** should **give room for any doubt as to the factum of the occurrence,** the persons involved, as well as the sequence of it. Such a **version should have corelation with each and every one of other supporting material** such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said **version should consistently match with the version of every other witness.** It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all other such similar tests to be applied, can it be held that such a witness can be called as a "sterling witness" whose version can be accepted by the court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and material objects should match the said version in material particulars in order to enable the court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the offender guilty of the charge alleged."

**(૨૧)** ઉપરોકત સમગ્ર રજૂઆત અને દલીલો મુજબ આ તબકકે આ અદાલત જાતિય ગુનાથી બાળકના રક્ષણ અધિનિયમ–૨૦૧૨ ની જોગવાઈઓ તેનો હેતુ અને ઉદેશ્ય લક્ષમાં લેતા એક કુમળી વયની બાળકી ઉપર જાતિય અત્યાચાર આચરાયેલનો આ કેસ છે અને આ કાયદો ભોગ બનનનારનું જાતિય શોષણ કરતા આરોપીને અટકાવવા માટેનો છે.

**(૨૧.૧)** એકંદરે હાલના કેસમાં આરોપી સંજયભાઈ રાણાભાઈ સોલંકી સામે પોકસો એકટની જોગવાઈ મુજબના ગુનાનો ચાર્જ પણ રહેલ છે ત્યારે સદરહુ કાયદાની કાનૂની જોગવાઈ મુજબ જયારે આવી વ્યકિત સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી જે સ્પેશયલ પોકસો કોર્ટથી કરેલ છે ત્યારે આ જ કાયદાની કલમ–૨૯ અને ૩૦ નીચે મુજબ છે, જે હાથ પરના કેસમાં ખુબ જ મહત્વની જોગવાઈ ઓ રહેલી છે અને આવા ગુનાઓની સુનાવણી કરતી અદાલતથી નીચે મુજબના કાયદેસરના અનુમાનો પ્રોસીકયુશનના કેસના લાભમાં કરવાના છે જે નીચે મુજબ છે.

**પોકસો એકટની કલમ–૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત.**

જયાં કોઈ વ્યકિતને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ કોર્ટ ધ્વારા જયાં સુધી તેનાથી વિરુધ્ધનું સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી એવુ **માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે,** દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

**પોકસો એકટની કલમ–૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત.**

**(૧)** આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી **માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે.** પરંતુ **આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે** કે તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં અવાતી

ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મૂકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહિ જયારે તે બનવા હોવાની સંભાવનાની પ્રબળતા દ્વારા સ્થાપિત થયેલ હોય.

(૨૧.૨) આમ, ઉપરોકત ફોજદારી કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો સ્પષ્ટપણે અને નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબિતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદ પક્ષે સંપૂર્ણ અને સજજડ પુરાવો આપવાનો છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઈનો લાભ ફરિયાદ પક્ષ ઉઠાવી શકે નહિ. ફોજદારી કેસમાં પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસનું પરિણામ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર આધારીત હોય છે અને પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રિયા જણાવવામાં આવેલ નથી.

**નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટ ઓફ ઉતરપ્રદેશ વિ. અનિલસીંગ એ. આઈ.આર.૧૯૮૮ (સુપ્રિમ કોર્ટ) પાના નંબર-૧૯૯૮** ઉપરના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, સો ગુનેગારો ભલે નિર્દોષ છુટી જાય, પરંતુ એક નિર્દોષને ખોટી રીતે સજા ન થવી જોઈએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે, પરંતુ જજની એ પણ ફરજ છે કે, ગુનો કરનાર વ્યકિત સજામાંથી છટકી પણ જવો જોઈએ નહિ. પહેલો સિધ્ધાંત જેટલો અગત્યનો છે તેટલો જ બીજો સિધ્ધાંત પણ અગત્યનો છે. નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબનો શબ્દપ્રયોગ કરેલો

છે,...."It is necessary to remember that a Judge does not preside over a Criminal Trial merely to see that no innocent man is punished, A Judge alseo presides to see that a Guilty Man does not escape. One is as important as the other. Both are public duties which the Judge has to perform." **નામદાર સુપ્રિમ કોર્ટે નરેન્દ્ર –વિરૂધ્ધ– સ્ટેટ ઓફ કર્ણાટક, ૨૦૦૯, ક્રાઈમ્સ પાના નં. ૪૧૫ (સુપ્રિમ કોર્ટ)** ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,"A Presiding Judge is duty bound not only to see that no innocent is punished, but alsp that guilty does not go unpunished."

તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવા લાયક સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજૂ કરવાનુ ફરિયાદ પક્ષે કોઈ જરૂરી નથી. **નામદાર સુપ્રિમ કોર્ટે કુંજ –વિરૂધ્ધ–સ્ટેટ ઓફ તામીલનાડુ, એ.આઈ.આર.૨૦૦૮ (સુપ્રિમ કોર્ટ) ૧૩૧૧ નાં પેરા–૧૧ માં તથા રાજનારાયણસીંગ–વિરૂધ્ધ– સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ તથા અન્ય ૨૦૦૯ ક્રિમીનલ લો રીપોર્ટર (સુપ્રિમ કોર્ટ) પાના નં. ૮૨૧ નાં પેરા–૨૦** માં સ્પષ્ટપણે એમ ઠરાવેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ મુજબ કોઈ કેસમાં માત્ર એક જ નજરે જોનાર સાહેદ હોય અને માત્ર તે એક જ નજરે જોનાર સાહેદની જુબાની માનવાલાયક, વિશ્વસનીય અને સત્ય હકીકતવાળી જણાતી હોય તો અને તપાસની કસોટી ઉપર તે જુબાની ખરી ઉતરતી હોય તો માત્ર એકજ સાહેદની જુબાનીના આધારે પણ આરોપીને ખૂન કેસમાં તકસીરવાન ઠરાવી શકાય તેમ છે, આવા કેસમાં અન્ય સાહેદોનો પુરાવો મેળવવો જરૂરી નથી. એક જ સાહેદની જુબાનીમાં અમુક માનવા લાયક અને અમુક ન માનવા લાયક હોય તો જ સમર્થનકારક

પુરાવો જરૂરી થઈ પડે, અન્યથા આવા સમર્થનકારક પુરાવાની કોઈ જરૂર નથી.

**(૨૧.૩)** હવે, આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી વિરુધ્ધ આક્ષેપા યેલ ગુનાઓ માટેની કાનૂની જોગવાઈ લક્ષમાં લઈએ તો, ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ, ૨૦૧૨ ની કલમ–૫ (એલ), ૬, ૧૮ મુજબના ગુનાનો આક્ષેપ છે, જેની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**(૨૧.૪)** ભોગબનનારની કથીત બનાવ સમયે ઉંમર ૧૮ વર્ષથી ઓછી છે જેથી ઈ. પી. કો. કલમ–૩૭૫ માં આપેલ બળાત્કારની વ્યાખ્યામાં જયારે સ્ત્રી ૧૮ વર્ષથી નીચેની વયની હોય ત્યારે તેની સંમતિથી કે સંમતિ વિના કોઈપણ પુરુષ તેની સાથે સંભોગ કરે તો તેને બળાત્કાર ગણાશે તેમ દર્શાવેલ છે. એટલે કે, ૧૮ વર્ષથી નીચેની ભોગ બનનારની સંમતિ અસ્થાને છે. આમ, આઈ. પી.સી. કલમ ૩૭૫, જોતા...

ભારતીય દંડ સહીંતાની કલમ:–**૩૭૫** મુજબ,"**બળાત્કાર– કોઈ પુરુષ બળાત્કાર કરે છે તેમ કહેવાશે, જો તે–**

(ક) તેનું લિંગ, કોઈપણ હદ સુધી, કોઈ સ્ત્રીની યોનીમાં, મુખમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે, અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું કરાવે, અથવા

(ખ) કોઈ પદાર્થ અથવા લિંગ ન હોય તેવો શરીરનો કોઈપણ ભાગ કોઈ સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં કોઈપણ હદ સુધી પ્રવેશ કરાવે અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું કરાવે, અથવા

(ગ) કોઈ સ્ત્રીના શરીરના કોઈપણ ભાગને મેન્યુપ્લેટ કરે જેથી સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં અથવા તેવી સ્ત્રીના શરીરના કોઈપણ ભાગમાં ઉત્તેજના થાય અથવા તેણીના તેની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું કરાવે, અથવા

(ઘ) તેનું મુખ કોઈ સ્ત્રીની યોનીમાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં મુકે અથવા તેણીને તેની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું કરાવે, તે આ પ્રણામે જણાવેલ ૭ બાબતો પૈકીની કોઈપણ સંજોગો હેઠળ–

૧) તે સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ,

૨) તે સ્ત્રીની સંમતિ વિના

૩) તે સ્ત્રીને અથવા જે વ્યકિતમાં તેણીનું હિત હોય, તે કોઈપણ વ્યકિતને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મૂકીને તેણીની સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સંમતિથી,

૪) તે પુરુષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને સ્ત્રી પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરુષ છે એમ માનીને તે સ્ત્રીએ સંમતિ આપી હોય ત્યારે તેણીની સંમતિથી,

૫) મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરુષ જાતે અથવા અન્ય વ્યકિત મારફત બેહોશ બનાવે તેવી અથવા અશુદ્ધ પદાર્થ આપવાને કારણે કોઈ સ્ત્રી જેના માટે તેણી સંમતિ આપે છે તેના પ્રકાર અને પરિણામ સમજવાને અશક્તિમાન હોય, ત્યારે તેણીની સંમતિથી,

૬) તેણી ૧૮ વર્ષથી ઓછી વયની હોય ત્યારે, તેણીની સંમતિથી અથવા સંમતિ વિના

૭) જયારે તે સ્ત્રી સંમતિ આપવા માટે અસમર્થ હોય ત્યારે."

**(૨)** તેમજ ઈ.પી.કો. કલમ–**૩૭૬** મુજબ– **બળાત્કાર માટેની શિક્ષા**– (૧) જે કોઈ વ્યકિત, પેટા કલમ(૨) થી જોગવાઈ કરેલા કેસોમાં હોય તે સિવાય બળાત્કાર કેર તેને, (૨) ૧૦ વર્ષથી ઓછી નહીં તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે.જે પ્રમાણે ઈ.પી.કો. કલમ–**૩૭૬(૨)(જે)** મુજબ– સંમતિ આપવા અસમર્થ હોય તેવી સ્ત્રી ઉપર બળાત્કાર કરે, અથવા ઈ.પી.કો. કલમ–**૩૭૬(૨)(એન)** મુજબ– તે જ સ્ત્રી પર

વારંવાર બળાત્કાર કરે, તે તેને ૧૦ વર્ષથી ઓછી નહીં તેવી પરંતુ આજીવન કેદ એટલે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પણ પાત્ર થશે.

**ઇ.પી.કો. કલમ – ૩૬૩ અપહરણ કરવા માટે શિક્ષા :–**

જે કોઇ વ્યકિત, બીજી કોઇ વ્યકિતનું ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે.

**ઇ.પી.કો. કલમ – ૩૬૬ કોઇ સ્ત્રીને લગ્ન વગેરે કરવાની ફરજ પાડવા માટે તેનું અપહરણ કરવા, અપનયન કરવા અથવા દબાણ કરવા બાબત :–**

જે કોઇ વ્યકિત, કોઇ સ્ત્રીને ઇચ્છા વિરુધ્ધ કોઇ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઇરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા અથવા તેને લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઇરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા તેનું અપહરણ કરે અથવા અપનયન કરે, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે. અને જે કોઇ વ્યકિત, કોઇ સ્ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાની અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઇરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા તે સ્ત્રીને આ અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબની ધમકીથી અથવા અધિકારનો દુરુપયોગ કરીને અથવા બીજી કોઇ રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે, તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામાં આવશે.

**પોકસો કલમ –૩ "પ્રવેશ જાતિય હુમલો"**

–કોઇપણ વ્યકિતએ નીચેના સંજોગોમાં" પ્રવેશ જાતિય હુમલો" કર્યો છે તેવું કહેવામાં આવશે.–

(એ) પોતાનું લિંગ કોઈપણ સીમા સુધી કોઈ બાળકના યોનિમાર્ગ, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવું કોઈ કૃત્ય કરાવે અથવા

(બી) કોઈ વસ્તુ અથવા શરીરના કોઈપણ ભાગને કે જે લિંગ નથી તેને કોઈ પણ સીમા સુધી બાળકની યોનિ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવું કોઈ કૃત્ય કરાવે અથવા

(સી) કોઈ બાળકના શરીરના કોઈપણ અંગ સાથે હસ્ત ક્રિયા (manipulates) કરે કે જેનાથી તે બાળકની યોની, મૂત્રમાર્ગ અથવા ગુદા અથવા શરીરના કોઈપણ ભાગમાં પ્રવેશ કરી શકે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવું કોઈ કૃત્ય કરાવે અથવા

(ડી) બાળકના લિંગ, યોનિ, ગુદા અથવા મૂત્રમાર્ગ ઉપર પોતાનું મોઢું લગાવે અથવા બાળકને એવી વ્યકિત સાથે કે અન્ય કોઈ વ્યકિત સાથે આવું કરાવે.

**પોકસો કલમ –૪ "પ્રવેશ જાતિય હુમલા માટેની શિક્ષા–**

જો કોઈ વ્યકિત પ્રવેશ જાતિય હુમલો કરે, તેને બેમાંથી કોઈપણ પ્રકારની સાત વર્ષથી ઓછી ન હોય તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પણ પાત્ર થશે."

**પોકસો કલમ – ૫ ગંભીર પ્રવેશ જાતિય હુમલો :–**

**(એલ)** જે કોઇ, કોઇ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે અથવા

**પોકસો કલમ – ૬ ગંભીર પ્રવેશ જાતિય હુમલા માટેની સજા :–**

**(૧)** જે કોઇ વ્યકિત, ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરે તેને વીસ વર્ષ કરતા, ઓછી ન હોય તેવી પરંતુ, આજીવન એટલે, કે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે અથવા મોતની શિક્ષા

કરવામાં આવશે.

(૨) પેરા કલમ–(૧) હેઠળ લાદવામાં આવેલ દંડની રકમ ન્યાયી અને વ્યાજબી હોવી જોઇએ અને એવી રકમ ભોગબનનાર વ્યકિતના તબીબી ખર્ચ અને તેના પુન:વસનની પૂર્તી માટે ચૂકવવામાં આવશે.

**પોકસો કલમ – ૧૮ કોઇ ગુનો કરવાની કોશિશ કરવા માટેની શિક્ષા :–**

જે કોઇ આ અધિનિયમ અન્વયે કોઇ શિક્ષાને પાત્ર ગુનો કરવા માટેનો પ્રયત્ન કરશે અથવા એવો કોઇ ગુનો કરવા માટે કારણરૂપ બનશે અને આવા પ્રયત્નોમાં આવો ગુનો થવાના પ્રકરણમાં કોઇ કૃત્ય થશે તો, તેવા ગુના માટે ઠરાવેલ કોઇપણ પ્રકારની કેદના, યથાપ્રસંગ, આજીવન કારાવાસના અડધા ભાગની કે તે ગુના માટે ઠરાવેલ કારાવાસની શિક્ષા, જેની અવધિ મહતમ તેવી શિક્ષા અથવા દંડ અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

**ફરીયાદી પક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન :–**

**ફરીયાદી/ભોગબનનારના માતા–પિતા ના પુરાવાનું મુલ્યાંકન :–**

(**૨૨**) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન ઉપરોકત કાનુની જોગવાઇઓ લક્ષમાં રાખી નીચે મુજબ કરવામાં આવે છે. આ કામનું રેકર્ડ જોતાં આ કામના ફરીયાદી ભોગબનનારના પિતા હોય તેઓ તેમની જુબાની દરમ્યાન ફરીયાદની હકીકત જણાવી જાય છે અને તેઓની સરતપાસની હકીકતને ટકી રહેતા હોય જેથી તેઓની ફરીયાદ અંગે કોઇ દહેશત રહેતી નથી તથા તેઓના જણાવ્યા મુજબ તેઓની દીકરી ૧૭ વર્ષ, ૬ માસ, ૧૧ દિવસની હોય તે સમયે બંધુનગર પાસે આવેલ સીરામીકના કારખાનાની ઓરડીમાં સંજયભાઇ રાણાભાઇ સોલંકી, રહે. વાંકાનેર વાળાએ તા.૧૦/૧૦/૨૦૨૦ નારોજ કલાક:–૧૭–૦૦ વાગ્યાના અરસામાં લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, તેઓના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ હોવાનું જણાય આવે છે. તેમજ ભોગબનનારનો જન્મનો દાખલો જોતાં ભોગબનનાર સગીરવયની હોવાનું જણાય આવે છે. તેમજ સાહેદ નં.૩, આંક–૨૬ થી રજુ થયેલ ભોગ

બનનારની માતાનો પુરાવો જોતાં તેઓએ પણ પોતાની જુબાની દરમ્યાન ફરીયાદની હકીકતને સમર્થન આપેલ છે.

**ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૩) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩, આંક–૨૭ થી ભોગબનનાર નો પુરાવો નોંધવામાં આવેલ છે તે જોતાં ભોગબનનારે સ્પષ્ટપણે જણાવે છે કે, તેણી આરોપી સાથે ગયેલ અને ત્યાં રોકાયેલ. વધુમાં જણાવે છે કે, ત્યાં જંગલ જેવું હતું અને ઝાડવા જેવું હતું ત્યાં અમો રોકાયા અને તે વખતે આરોપી સંજયે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ હતો. એટલે કે, આરોપીએ તેણીની સાથે કૃત્ય કરેલ હતું તેવું સ્પષ્ટ જણાવી જાય છે અને ભોગબનનારની બચાવપક્ષની ઉલટ તપાસ દરમ્યાન આ હકીકતને ટકી રહેલ છે તથા તેણીની ઉમર બાબતે પુછતાં તેણીની જન્મ તારીખ:–૨૨/૦૩/ ૨૦૦૩ ની હોવાનું જણાવી જાય છે. વધુમાં આ સાહેદે તેણીની સાથે બળજબરી કરેલ નથી તેવું જણાવે છે. પરંતુ, જયારે ભોગબનનારની ઉમર ૧૮ વર્ષથી નાની હોય ત્યારે તેણીની સંમતિ ધ્યાને લઈ શકાય નહી. વધુમાં તેણી મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદન આપેલાનું જણાવી જાય છે કે, મને આરોપી ભગાડી ગયેલ તેની ફરીયાદ કરેલ. મારી પહેલા ચાર છોકરીને પણ આરોપી ચાર છોકરીને ભગાડી ગયેલ હોવાનું જણાવી જાય છે. આમ, આરોપી ભોગબનનારને ભગાડી ગયેલ હોય તેવી હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે.

**પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૪) ફરીયાદપક્ષે આંક–૩૦ થી ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું રજુ કર્યુ છે અને આ પંચનામાની વિગતો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ નં. ૪ થી પંચ સાહેદ મહેશભાઇ કરમશીભાઈ કંઝારીયાને તપાસેલ છે આ પંચ સાહેદ રૂબરૂ ભોગબનનારના કપડા રજુ થયેલ છે તે પંચનામાના પંચ સાહેદ છે તથા તેઓ બચાવપક્ષ તરફેની ઉલટતપાસ દરમ્યાન પણ એ હકીકત જણાવી જાય છે કે, તેઓ તેમની કચેરીએથી સર્કલ ઈન્સપેકટરની

કચેરીમાં પંચમાં ગયેલા ત્યાં તેઓની રૂબરૂમાં પંચનામું કરવામાં આવેલ. વધુમાં તેઓ તેમની સરતપાસની હકીકતને ટકી રહેલા છે. જેથી ભોગબનનારના કપડા કબ્જે કર્યાના પંચનામા ની હકીકત ફલીત થાય છે.

(૨૫) વધુમાં આ કામે આરોપીને અટક કર્યાના પંચ સાહેદને આંક–૩૨ થી ફરીયાદપક્ષ તરફે તપાસેલા છે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૩ વાળુ અટક પંચનામું રજુ રાખેલ છે અને આરોપીને ઓળખી બતાવે છે. વધુમાં સ્પષ્ટ જણાવી જાય છે કે, આરોપીનું નામ તેઓએ જણાવેલ અને તેના કપડા પણ રજુ કરેલ છે. આરોપીપક્ષ મારફતે લેવાયેલ ઉલટતપાસમાં પણ સદરહું હકીકતને ટકી રહે છે. જેથી આ સાહેદના પુરાવાની હકીકતને ન માનવાને કોઇ કારણ જણાતું નથી.

**તબીબી સાહેદના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૬). સદર કામે ફરીયાદપક્ષે તપાસેલા ડોકટર કાજલબેન ભીખાભાઇ ડાકા તેઓની આંક–૩૬ ની જુબાનીમાં જણાવી જાય છે કે, તેઓને યાદી મળતાં તેઓએ તપાસણી કરેલી આરોપી સાથે ભોગબનનાર ભાગી ગયેલ અને શરીર સબંધ બાંધેલ તથા તેઓની જુબાનીમાં નમુના મેળવેલ તેની તમામ વિગતો આરોપી તથા ભોગબનનારની લખેલ છે તે તમામ હકીકતો ડોકટરશ્રી જણાવી જાય છે. અને બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં પણ તે હકીકતને ટકી રહેલ હોય જેથી તેઓની જુબાનીને ન માનવાને કોઇ કારણ નથી. આ કામે બચાવપક્ષ તરફે જણાવેલ છે કે, આરોપી અને ભોગબનનારને પરીક્ષણ માટે સાથે લઇ ગયેલ હોય તેથી પુરાવો ટકી શકે નહી. પરંતુ, બન્નેનું જો એક જ જગ્યાએ બેસાડી પરીક્ષણ કરેલ હોય તેવું ફલીત થતુ નથી. તેથી ડોકટરશ્રી એ જણાવેલ હકીકત ન માનવાને કોઇ કારણ નથી.

**પોલીસ સાહેદ/તપાસ કરનાર અમલદારના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૭). સદર કામે આંક–૫૧ થી ગુન્હો રજીસ્ટર કરનાર પોલીસ સાહેદને તપાસેલા છે. તેઓ સદર ગુનો રજીસ્ટર કરેલ હોવાનું જણાવી જાય છે. અને તેઓની જુબાનીમાં ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે. ગુનો રજીસ્ટર્ડ

કર્યા" સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નહી હોવાનું તેઓ બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવી જાય છે.

(૨૮). સદર કામે આંક–૫૬ થી ફરીયાદીની ફરીયાદ નોંધનાર ધનલક્ષ્મીબેન વીરાભાઈ ડાંગરને તપાસેલા છે. તેઓ સમક્ષ ફરીયાદીએ આંક–૨૪ વાળી ફરીયાદ હકીકત જાહેર કરતાં તેઓએ નોંધી ફરીયાદ અંગે મોરબી તાલુકા પો.સ્ટે.એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૮૮/૨૦૨૦ મુજબનો નોંધી ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલ હોવાની હકીકત જણાવી જાય છે. સદર સાહેદ ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નહી હોવાનું તેઓ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવી જાય છે.

(૨૯). ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે આંક–૫૮ થી તપાસ કરનાર અમલદારને તપાસેલા છે. તેઓએ તપાસ સંભાળ્યા અંગેનો પત્ર રજુ રાખેલ છે તેમજ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી તથા ભોગબનનાર ના કપડા કબ્જે કર્યાના પંચનામાની તેમજ આરોપીને અટક કર્યાના પંચનામું કર્યા અંગેની કાર્યવાહી કરી, તથા આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવવા યાદી કર્યા અંગેની કાર્યવાહી કરી તેમજ એફ.એસ.એલ.ને મુદામાલ મોકલ્યા અંગેની રવાનગી નોંધ અંગેની કાર્યવાહી કરી તે અંગેના એફ. એસ. એલ.ના રીપોર્ટ મેળવી ચાર્જશીટ સાથે રજુ કરેલ તે અંગેની કાર્યવાહી કરેલ હોવાનું જણાવી જાય છે. કપડા કબ્જે કર્યા બાબતે ઉલટ તપાસમાં જણાવે છે કે, સફેદ લીલા કલરનું પેટીકોટ જુના જેવું જેમાં કોઈ દેખીતા ડાધના નિશાન જોવામાં આવતાં નથી તથા નાઈટી પેન્ટ ગ્રે કલરની પટ્ટી વાળો જુના જેવો જેમાં ડાધના નિશાન જણાય આવતાં નથી. વધુમાં એવું પણ સ્વીકારેલ છે કે, ભોગબનનારનું નિવેદન લીધેલ ત્યારે એવું જણાવેલ કે, ભોગબનનાર અને આરોપી સામે સામે રહેતાં હતા અને એક બીજાને ઓળખતાં હતાં. સદર સાહેદ બાકીની સરતપાસની હકીકતને ટકી રહેલ છે તેમજ આરોપી વિરુધ્ધ

યોગ્ય તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવી જાય છે.

**(૩૦).**રેકર્ડ પરના તમામ પુરાવાઓની ઉપરોકત ચર્ચા તથા તહોમતનામામાં જણાવેલ આક્ષેપિત ગુનાની કલમોની જોગવાઈ લક્ષમાં લેતા, ભોગ બનનાર નો મૌખિક પુરાવો આંક–૨૭ થી રેકર્ડ પર આવેલો છે જે પુરાવો અગાઉ વર્ણવેલ છે જેનું પુનરાવર્તન ન કરતા મુખ્યે મૌખિક પુરાવાની હકીકતો ધ્યાને લેતાં, ભોગબનનારની બચાવપક્ષ તર્ફે જે ઉલટતપાસ કરી છે તેના પરથી એવી કોઈ હકીકતો ફલીત થતી નથી કે ભોગબનનારે કોઈ જાતની લાલચ, ધાક–ધમકી કે દબાણના કારણ વશ મૌખિક પુરાવો આપ્યો છે. ભોગબનનારે પોતાની જુબાની માં સ્પષ્ટ રીતે જણાવ્યુ છે કે, આરોપી તેણીને જંગલ જેવુ હતું અને ઝાડવા જેવું હતું ત્યાં શારીરીક સંબંધ બાંધેલ હતો. વધુમાં, ભોગ બનનારે પોતાના મૌખિક પુરાવામાં બનાવ સમયે પહેરેલ કપડા રજૂ કરેલાનું, પોતાની શારીરિક તપાસણી કરાવેલાનું, પોલીસને નિવેદન તેમજ તેણીની જુબાનીમા પણ જણાવેલ છે ભોગબનનારે આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે આરોપીની ઓળખ અંગે કોઈ તકરાર ઉઠાવી નથી. તદુપરાંત, ભોગબનનારે પોતે ક્રિ. પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદનમાં પોતાની સહી ઓળખી બતાવી છે. આ નિવેદનની વિગતો જોવામાં આવે તો તેમાં પણ ભોગબનનાર આરોપી તેણીનુ ભગાડી લઇ ગયેલ તેની ફરીયાદ કરેલ હોવાની હકીકતો જણાવી છે. આમ, ભોગબનનાર મૌખિક પુરાવો ધ્યાને લેતાં જણાય છે કે, ભોગબનનારે પોલીસ, તબીબ, ન્યાયીક મેજીસ્ટ્રેટ દરેક સમક્ષ આરોપીએ તેણીની સાથે આરોપીએ  શારીરીક સંબંધ બાંધ્યો હોવાનું જણાવ્યુ હતુ. આમ, આરોપી ભોગબનનાર સગીર વયના હોવાની હકીકતોથી સારી રીતે વાકેફ હતા તેમ છતા આરોપી સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન બહારના શારીરીક સંબંધો બાંધવાના એકમાત્ર ઈરાદાસર ભગાડી આરોપી પોતાની સાથે લઈ ગયેલ. એટલુ જ નહિ પરંતુ અઢાર વર્ષની નીચેની ઉમર ધરાવતા સગીર ભોગબનનાર શારીરીક સંબંધો બાંધવાની

સંમતિ આપવા અસક્ષમ હોવા અંગેની હકીકતો પણ આરોપી સારી રીતે જાણતા હોવા છતાં તેણીને પોતાની સાથે લઈ જઈ તેની સાથે શારીરિક સંબંધ સ્થાપીત કરેલ હોવાની ભોગબનનારની જુબાનીની હકીકતો રેકર્ડ પર છે. ભોગબનનારના આ પુરાવાનું ખંડનકારી કોઈ હકીકત બચાવ પક્ષ દ્વારા રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલ છે. ત્યારે એવી હકીકતો પુરવાર થતી જણાય છે કે આરોપી એ જાતિય સંભોગ કરવાના એકમાત્ર ઈરાદાસહ સગીર ભોગબનનારને પોતાની સાથે લઈ જઈ તેની સાથે શારીરીક સંભોગ કર્યો હતો. આ તબકકે પોકસો એકટની કલમ–૨૯ ધ્યાને લઈએ તો,

**નિશ્ચિત ગુનાઓનું અનુમાન (Presumption to certain offences) :–**

જયારે કોઈ વ્યકિત, આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાનો ગુનો કરે તેની કાનૂની કાર્યવાહી વિશેષ અદાલત, કિસ્સાનુસાર જે કેસની તકરારને સાબિત ન કરે ત્યાં સુધી અન્યથા, આવી વ્યકિતએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે, એવું અનુમાન કરશે. આ કલમ મુજબનું પ્રિઝમ્શન ખંડનાત્મક (Rebuttal presumption) છે. જયારે પ્રોસીકયુશન દ્વારા આરોપીની વિરૂધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલ હોય ત્યારે તેવા વિરૂધ્ધના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે રહેલી છે. પરંતુ સૌ પ્રથમ ફરિયાદ પક્ષે આરોપીની વિરૂધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરવો અનિવાર્ય બની રહે છે. ત્યારબાદ તેના ખંડનની જવાબદારી આરોપી ઉપર મૂકી શકાય. આરોપી વિરૂધ્ધ મૂકવામાં આવેલ તહોમત મુજબનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલ ન હોય, તેવા સંજોગોમાં તેવા પુરાવાનુ આરોપીપક્ષે ખંડન કરવાનો કોઇ પ્રશ્ન નથી.

આ અંગે **નામદાર બોમ્બે હાઈકોર્ટ (નાગપુર બેન્ચ) ના તા. ૨૫ જુન ૨૦૧૮ ના રોજ આપેલ ચૂકાદામાં ઠરાવેલ છે કે,**

In this backdrop, it is first necessary to examine the effect of presumption under section 29 of the POCSO Act and

the manner in which the accused could rebut such presumption. Section 29 of the POCSO Act reads as follows:-

"29. Presumption as to certain offences Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3,5,7 and 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless contrary is proved.

A perusal of the above quoted provision does show that it is for the accused to prove the contrary and in case he fails to do so, the presumption would operate against him leading to his conviction under the provisions of the POCSO Act. **It cannot be disputed that no presumption is absolute and every presumption is rebuttable. It presumption under Section 29 of the POCSO Act is absolute. It would come into operation only when the prosecution is first able to establish facts that would form the foundation for the presumption under Section 29 of the POCSO Act to operate.** Otherwise, all that the prosecution would be required to do is to file a charge sheet against the accused under the provisions of the said Act and witnesses would have to be accepted as gospel on the accused to prove to the contrary. Such a position of law or interpretation of the presumption under Section 29 of the POCSO Act cannot be accepted as it would clearly violate the constitutional mandate that no person shall be deprived of liberty except in accordance with procedure established

by law.

આવો જ સિધ્ધાંત નામદાર ગૌહાટી હાઈકોર્ટ દ્વારા નીચેના ચુકાદામાં પ્રતિપાદીત કરવામાં આવેલ છે ...Purna Nahar Deka V/s. The State of Assam. Case No.CRL.A(J)/26/2019, Dt.10/09/ 2021.

**(૩૧).** ઉપરોકત પુરાવાની ચર્ચા કરી તે મુજબ, આરોપી સંજયભાઇ રાણા ભાઇ સોલંકી નાઓએ ભોગબનનાર કે જે અઢાર વર્ષથી ઓછી ઉમર ની સગીર વયની હતી તે હકીકત આરોપી જાણતા હોવા છતાં આરોપી નાએ ભોગ બનનારને લલચાવી, ફોસલાવી પોતાની સાથે લઈ જઈ તેણીની સાથે શરીર સંબંધ સ્થાપીત કર્યો હતો તેવી હકીકતો અહી સ્પષ્ટ અને નિ:શંકપણે સ્થાપીત થાય છે. વધુમાં ઉપરોકત પુરાવાની ચર્ચા ધ્યાને લેતા,આરોપીએ ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ છે તે એક વખત શરીર સબંધ બાંધેલ છે એક કે વધુ વખત શરીર સબંધ બાંધેલ નથી. જેથી આરોપીએ એક વખત શરીર સબંધ બાંધેલ હોય અનેક વખત શરીર સબંધ બાંધેલ ન હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી હોય ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) નહી પરંતુ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(જે) મુજબનો ગુનો બનતો હોય જેથી આ કામના આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી નાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) મુજબના ગુનાના આવશ્કય તત્વો સાબીત થાય છે.જેથી આરોપી આ કામના આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી ને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવાને પાત્ર બને છે. **પોકસો એકટની કલમ-૨૯, ૩૦ હેઠળની કાયદાની જોગવાઈ મુજબ ગુન્હો કરવામાં આવ્યો છે તેવું માની લેવામાં આવતું હોય ત્યારે બચાવપક્ષે તેનાથી વિરુધ્ધનું સાબિત કરવામાં ન આવે ત્યારે એવું માની લેવામાં આવશે કે એવી વ્યકિતએ ગુન્હો કરેલ છે અને તે માટે બચાવપક્ષ ઉપર ગુન્હો સાબીત કરવાની જવાબદારી રહેલ છે.** બચાવપક્ષ દ્રારા

રેકર્ડ પરના પુરાવાથી વિરુધ્ધની કોઈ જ હકીકતો સાબીત કરવામાં આવી નથી. અલબત, કાયદાકીય અનુમાનોનું આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકીનાઓ દ્રારા ખંડન કરવામાં આવ્યુ નથી. વધુમાં આરોપી આ કામના આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી વિરુધ્ધ પોકસો એકટની કલમ-૫(એલ), ૬, ૧૮ મુજબના ગુનાનું તહોમત નામું ઘડવામાં આવેલ છે. પરંતુ પોકસો એકટની કલમ- ૫(એલ) એક થી વધુ વખત શારીરીક સબંધ બાંધેલ હોય કે એક થી વધુ વખત જાતીય પ્રવેશ હુમલો કરેલ હોય તો લાગુ પડે. આ કામે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ એક વખત શરીર સબંધ બાંધેલ હોવાની હકીકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ- ૫(એલ) મુજબનો ગુનો નહી પરંતુ પોકસો એકટની કલમ-૩ મુજબનો ગુનો સાબીત થતો હોવાનું ફલીત થાય છે. એટલે કે, પોકસો એકટની કલમ-૪ મુજબના શીક્ષાને પાત્ર ગુનામાં સજા થઇ શકતી હોય તેથી આ કામના આરોપીને તે મુજબ તકસીરવાન ઠરાવવા ઉચીત જણાય છે. જેથી આ કામના આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી ને પોકસો એકટની કલમ-૩,૪,૧૮ મુજબનાં સજાપાત્ર ગુના કરેલ હોવાની હકીકતો નિ:શંકપણે ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ છે. તેવા નિર્ણય પર આવી **મુદા નં. ૨ નો નિર્ણય " અશંત: હકારમાં"** આપુ છુ.

**મુદા નં. ૩ :-**

**(૩૨).** ઉપરોકત મુદા નં. ૧ અને ૨ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ મુદા નં. ૧ નો નિર્ણય "હકારમાં" અને મુદા નં.૨નો નિર્ણય" અંશત: હકાર માં" આપેલ હોઈ ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમાં રાખતા સદરહુ મુદા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) સદર કામમાં **આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની

કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ–૩, ૪,૧૮ મુજબ ના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને દોષિત ઠરાવેલ હોય ઉપરોકત ગુનામાં સજા અંગે સાંભળવા માટે કેસ મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ :–૩૦, માહે :–જુલાઈ, સને :–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ:– મોરબી.

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

**// J.J.S //**

## આરોપીને સજાના મુદા અંગેની ચર્ચા :–

ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી તથા આરોપીપક્ષ તરફે તેમના વિ. વ. શ્રી કે.કે.ગોહીલને સાંભળ્યા.

(૩૩) ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા નાઓએ દલીલ કરેલ છે કે,આ કામના આરોપી એ તા.૧૦/૧૦/૨૦૨૦ નારોજ કલાક:–૧૭–૦૦ દરમ્યાન આ કામના ફરીયાદીની સગીરવય ની દીકરી ભોગબનનાર જેની ઉ.વ. ૧૭ ,૦૬ મહીના, ૧૧ દિવસ વાળીને લલચાવી ફોસલાવી બદકામ કરવા ના ઈરાદે, જાતીય સતામણી કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, શરીર સબંધ બાંધી, પ્રવેશ જાતીય હુમલો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ–૩, ૪, ૧૮ મુજબના ગુનાના આવશ્યક

તત્વો સાબીત થાય છે. આ કામના ભોગબનનારની ઉમર બનાવ સમયે ૧૭ ,૦૬ મહીના, ૧૧ દિવસ ની હતી જેથી નામદાર કોર્ટે કાયદાનું યોગ્ય તે અર્થઘટન કરી કલમમાં ફેરફાર કરી આરોપીને તકસીરવાન ઠરાવેલ છે તે યોગ્ય જણાય છે. હાલમાં આવા પ્રકારના બનાવો અંકુશમાં આવે તે માટે સમાજમાં દાખલો બેસે તે અર્થે આરોપી ને મહતમ સજા કરવી જોઇએ. સાથે સાથે ભોગબનનારના ભવિષ્ય અને અન્ય સામાજીક પરીસ્થીતી ને ધ્યાનમાં રાખીને ભોગબનનારને વળતર પેટેની વધુમાં વધુ રકમ અપાવવા પણ અરજ કરેલ છે.

**(૩૪)** આરોપી પક્ષ તરફે એલ.એ.ડી.સી. વિ.વ.શ્રી કે.કે.ગોહીલ નાઓએ દલીલ કરેલ છે કે, હાલના આરોપી ભોગબનનારને ભગાડી લઇ ગયેલ હોય તેવો કોઇ પુરાવો નથી. આરોપી દલીત સમાજના હોય અને ભોગબનનારને આરોપી સાથે પ્રેમસંબંધ હોય તેના કારણે હાલનો ઘટના ક્રમ ઉભો કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે આરોપી યુવાન વર્ગના નાની ઉમરના છે. આરોપી કુટુંબ કબીલા વાળા માણસ છે. આરોપી પોતે ઘરમાં કમાનાર એકમાત્ર વ્યકિત છે. અને તેઓ ઉપર કુંટુંબની તમામ જવાબદારી રહેલ છે તે સમગ્ર સંજોગોમાં સજા કરતી વખતે નામદાર કોર્ટે માનવીય અભિગમ ધ્યાને લઇ ઓછામાં ઓછી સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(૩૫)**.બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લીધી.આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ-૩, ૪, ૧૮ મુજબના શીક્ષાને પાત્ર ગુનાના આવશ્કય તત્વો સાબીત થયેલાનું ઠરાવવામાં આવેલ છે થાય છે. તે પૈકી મહતમ સજાની ભોગવાઇ આઇ.પી.સી.કલમ:-૩૭૬ તથા ધી પોકસો એકટ-૨૦૧૨ ની કલમ:-૪ માં છે. આરોપીને કાયદા મુજબ તેના એક જ કૃત્ય માટે બે અલગ અલગ કાયદા હેઠળ અલગ અલગ સજા કરી શકાય નહી. ધી પોકસો એકટ-૨૦૧૨ એ સ્પેશીયલ એકટ છે અને તે કાયદાની કલમ:-૪૨ મુજબ બે અલગ અલગ કાયદા હેઠળ સજાને પાત્ર ગુજો સાબીત થયેથી જે કાયદામાં મહતમ સજાની

જોગવાઇ હોય તે કાયદા હેઠળ સજા કરવાની જોગવાઇ છે. જે મુજબ હાલના આરોપી વિરૂધ્ધ લાગુ કરવામાં આવેલ ભારતીય દંડ સહીંતાની કલમો તથા પોકસો એકટની કલમો અંગે વખતો વખતના એમેન્ડમેન્ટ મુજબની સજાની જોગવાઇ ઘ્યાને લેતાં તથા ઉપરોકત વિગતે આરોપી તરફેની રજુઆત તથા શ્રી સરકાર તરફેની સજા અંગેની રજુઆતો લક્ષમાં લેતાં બનાવ સમયે આરોપી પરણીત તથા સંતાનોના પિતા હોવા છતાં ભોગબનનાર અઢાર વર્ષની નાની ઉમરની હોવા છતાં ભોગબનનાર ઉપર ઉપરોકત વિગતે બળાત્કાર અને પ્રવેશ જાતીય હુમલાનો હીનીયસ ક્રાઇમની કેટેગરીમાં આવતો ગુન્હો ઉપરોકત વિસ્તૃત ચર્ચા કરી તે પ્રમાણે આચરેલ છે તે હકીકત લક્ષમાં લેતાં લાગુ કલમો જોતાં ૧૦ વર્ષથી ઓછી નહી અને અને આજીવન કેદસુધી લંબાવી શકાય તેવી સજાને પાત્ર ગુનો બનતો હોય જેથી કેસના સંજોગો, ભોગબનનારની ઉમર અને સજા અંગેની જોગવાઇ ઘ્યાને લેતાં આરોપીને લાગુ કરવામાં આવેલ કલમો પૈકી મહતમ સજા નહી કરતાં આખરી હુકમમાં જણાવ્યા મુજબની સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે.

**(૩૬)** ધી પોકસો એકટ–૨૦૧૨ ની કલમ:–૪૨ ને ઘ્યાને લેતાં, ભારતીય દંડ સહીંતા તથા પોકસો એકટ અન્વયે એમ બન્ને કાયદા અન્વયે ગુનો બનતો હોય તે સંજોગોમાં જે કાયદામાં મહતમ સજા ઠરાવેલ હોય તે અન્વયે સજા કરવા પાત્ર બને છે. પરંતુ, પોકસો એકટની કલમ–૪ તથા ભારતીય દંડ સહીંતાની કલમ:–૩૭૬(૨)(જે) માં બન્નેમાં સમાન પ્રકારની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ, બન્ને ગુના ઓ અંગે સજા કરવામાં આવે તો, આરોપીને એક જ પ્રકારના ગુના માટે બેવડી સજા થાય. વળી, બન્ને ગુન્હા અંગે સજા કરવામાં આવે તો, તે પોકસો એકટની કલમ:–૪૨ ના હેતુ થી વિપરીત બને તેમ છે. હાલના આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલ આક્ષેપ તે પોકસો એકટની કલમ:–૨(ડી) અન્વયે વ્યાખ્યાચિત કરેલ બાળક વિરૂધ્ધનો ગુન્હો છે તે સંજોગોમાં તે પ્રકારના ગુના અંગે જયારે અલગથી કાયદો

ઘડવામાં આવેલ છે ત્યારે તેવા કાયદા અન્વયે સજા કરવામાં આવે તો તે વધુ ન્યાયોચિત જણાય છે. તેથી આરોપી વિરૂધ્ધ પુરવાર થયેલ ગુના પૈકી ભારતીય દંડ સહીંતાની કલમ:–૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ–૪ બન્ને એકજ પ્રકારના ગુના છે તેથી પોકસો એકટની કલમ:–૪૨ ધ્યાને લેતાં, પોકસો એકટની કલમ:–૩ મુજબના ગુના માટે કલમ:–૪ અન્વયે મહતમ સજા ફરમાવેલ હોય કલમ:–૪ અન્વયે આરોપીને સજા કરવા પાત્ર બને છે.જેથી ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં મુદા નં.૩ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે **આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી,** ઉ.વ.:–૩૨, ધંધો : મજુરી, રહે. હાલ કોટા સીરામીક, સરતાનપર રોડ, કારખાનાની મજુર ઓરડીમાં, તા.વાંકાનેર જી. મોરબી, રહે. મુળ રવીનગર, પાણીની ટાંકી પાસે શેરી નં.૫, થાનગઢ જી. સુરેન્દ્રનગર વાળાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:–૨૩૫(૨) અન્વયે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૦૦૫૨૦૧૧૮૮/૨૦૨૦, ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ:–૩, ૪ અને ૧૮ મુજબના ગુના સબંધે કસુરવાર ઠરાવવામાં આવે છે.

(૨) **આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકી** નાઓને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૦૦૫૨૦૧૧૮૮/૨૦૨૦, ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ:–૩, ૪, ૧૮ મુજબના ગુન્હા સબબ કસુરવાર ઠરાવી તે અંગે પોકસો એકટની કલમ:–૪૨ તથા ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં, કલમ:–૩ નો ગુનો કલમ:–૪ માં સમાવેશ થઇ જતો

હોય તથા પોકસો એકટની કલમ:-૪૨ મુજબ ભારતીય દંડ સહીતાં તથા પોકસો એકટ પૈકી જેમાં મહતમ સજા હોય તે કલમ હેઠળ આરોપીને સજા કરવા પાત્ર બનતી હોય પોકસો એકટની કલમ:-૩ ના ગુના માટે કલમ:-૪ અન્વયે **૧૦(દસ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં ન આવે તો, વધુ ૦૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ઉપરોકત દંડની રકમમાંથી ભોગબનનારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:-૩૫૭ (૧) અનુસાર રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) વળતર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૪)** **આરોપી સંજયભાઇ રાણાભાઇ સોલંકીનાએ** ઉપરોકત સજા **એક સાથે (સંયુકત)** ભોગવવાની રહેશે.

**(૫)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:-૪૨૮ મુજબ આરોપી હાલના ગુના કામે જામીન ઉપર મુકત હોય તેઓએ અગાઉ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા, આ સજાના કામે મજરે આપવી.

**(૬)** કેસના સંજોગો ધ્યાનમાં લેતાં ભોગબનનાર જાતે આરોપી સાથે ગયેલ હોય આરોપી સાથે પ્રેમ સબંધ કેળવેલ હોય તથા ભોગબનનારને કોઇ શારીરીક આંતરીક કે બાહય ઇજા પહોચેલ હોય તેવું ફરીયાદપક્ષ પ્રસ્થાપિત કરી શકે ન હોય ભોગબનનારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:-૩૫૭(૧)અનુસાર દંડ સીવાય વિકટીમ કમ્પેન્સેશન સ્કીમ હેઠળ અલગથી કોઇ વળતર આપવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાતું નથી.

**(૭)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૫૨ ની જોગવાઇ અનુસાર આ કામે રજુ થયેલ મુદ્દામાલ પાવતી નં.૧૦૪/૨૦૨૦ તથા ૧૦૫/૨૦૨૦ મુજબનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં. ૯૦૧/૧૯૯૦, તા. ૨૨–૧૦–૧૯૯૦ આરોપી વિરૂધ્ધના તહોમતનામા તથા હુકમની નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી નાઓને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૯) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ અનુસાર તથા નામદાર ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં. સી. ૨૬૨૩/૨૦૦૫, તા. ૦૨–૦૯–૨૦૦૫ મુજબ આરોપી વિરૂધ્ધના તહોમતનામા તથા હુકમની નકલ સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૦) આરોપીને આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે આપવાની રહેશે.

(૧૧) આરોપી હાલ જામીન ઉપર હોય, આરોપીને ફરમાવેલ સજાના હુકમની અમલવારી સારૂ જયુડીશીયલ કસ્ટડીમાં લઇ, હુકમ મુજબ જરૂરી સજા વોરંટ ભરી જેલ–ઓથોરીટી/સબ જેલ, મોરબી ખાતે મોકલી આપવું.

હુકમ આજરોજ તારીખ:–૩૦ મી, માહે:–જુલાઇ, સને:–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– મોરબી.

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશીયલ જજ (પોકસો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

**// J.J.S //**